પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૮૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૦૩-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઉમેશ પાલ અપહરણ કેસમાં કોર્ટે ફટકારી સજા

# ગેંગસ્ટર અતીક અહમદને આજીવન કેદની સજા, બે સાથીઓને પણ આજીવન કેદ : અશરફ સહિત ૭ને નિર્દોષ જાહેર કર્યા

પ્રયાગરાજ,

૧૭ વર્ષ જૂના ઉમેશ પાલ અપહરણ કેસમાં પ્રયાગરાજની કોર્ટે અતીક અહેમદ સહિત ૩ને દોષિત જાહેર કર્યા છે. કોર્ટે ત્રણેય દોષિતને આજીવન કેદની સજા ફટકારી છે. ભાઈ અશરફ સહિત ૭ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસમાં ૧૧ લોકો આરોપી હતા, જેમાંથી એકનું મોત થયું હતું. ઉમેશ પાલ અપહરણ કેસમાં પ્રયાગરાજની કોર્ટે ૧૦માંથી ૭ આરોપીને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. અતીકનો ભાઈ અશરફ પણ તેમાં સામેલ છે. અતીક ઉપરાંત ખાન સૌલત અને દિનેશ પાસીને પણ કોર્ટે દોષિત જાહેર કર્યા છે. જેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે તે લોકોનાં નામ- અશરફ ઉર્ફે ખાલિદ અઝીમ, ફરહાન જાવેદ ઉર્ફે બજ્જુ, આબિદ, ઈસરાર, આશિક ઉર્ફે મલ્લી, એજાઝ અખ્તર છે. જજ દિનેશ ચંદ્ર શુક્લાની કોર્ટમાં સજા પર સુનાવણી પૂર્ણ થઈ હતી. ઉમેશ પાલ અપહરણ કેસમાં પ્રયાગરાજની કોર્ટે ૧૭ વર્ષ બાદ પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો.આઈપીસી કલમ ૩૬૪-છ હેઠળ અતીક સહિત ૩ આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યા છે.

આ તરફ કોર્ટ પરિસરમાં વકીલોએ અતીકને ફાંસી આપો, ફાંસી આપોના નારા લગાવ્યા હતા. અતીક અહેમદને ગઈકાલે સાંજે પ્રયાગરાજની નૈની જેલમાં લાવ્યા બાદ આજે સવારે એમ.પી. એમ.એલ.એ કોર્ટમાં હાજર કરવા માટે પોલીસ અતીક-અશરફને લઈને કોર્ટમાં પહોંચી હતી. જેલમાંથી પ્રથમ વાન ખાલી રવાના થઈ હતી. બીજી વાનમાં ફરહાન, પછી ત્રીજી વાનમાં અશરફ અને છેલ્લી વાનમાં અતીકને



લઈને નૈની સેન્ટ્રલ જેલમાંથી ૫૦ સુરક્ષાકર્મીઓ સાથે પોલીસ કોર્ટ જવા રવાના થઈ હતી. યુપી પોલીસ દ્વારા સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો.

પ્રયાગરાજ કોર્ટના ચુકાદા પહેલા અતીક અહેમદને સુપ્રીમ કોર્ટે ઝટકો આપ્યો છે. અતીકના વકીલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને અતીકના જીવને જોખમ હોવાનું જણાવાયું હતું. વકીલે કોર્ટ પાસે આ મામલે સુરક્ષા માટેની માંગ કરી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે કહ્યું કે અતીકને જેલમાં લાવવામાં આવ્યો છે. તે આ કોર્ટનો મામલો નથી. તમે હાઈકોર્ટમાં જાઓ.

## ગેંગસ્ટર અતીક અહમદ કોર્ટમાં ભાઈ અશરફને ભેટીને રડી પડ્યો

૧૭ વર્ષ જુના ઉમેશ પાલ અપહરણ કેસમાં પ્રયાગરાજની એમપીએમએલએ કોર્ટ મંગળવારે પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. કોર્ટ તરફ જઈ રહેલા તમામ રસ્તાઓ ઉપર બેરિકેટ લગાવવામાં આવ્યા હતા. લગભગ ૭ જગ્યાએ પોલિસના કાફલા સાથે બેરિકેટીંગ કરવામાં આવ્યું છે. આ તમામ જગ્યાએ આઈપીએસ અધિકારીઓની દેખરેખમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મહત્વનું છે કે હાલમાં એમપી.એમ.એલ.એ કોર્ટની બહાર કોઈ પણ પ્રકારની અનિચ્છનિય ઘટના ન બને એ માટે પણ યુપીના ઉચ્ચકક્ષાના પોલીસ અધિકારીઓ સાથેનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો ૧૭ વર્ષ જૂના ઉમેશ પાલ અપહરણ કેસમાં આજે પ્રયાગરાજની એમપી-એમએલએ કોર્ટે ચુકાદો આપ્યો. અતીક અહમદ પહેલીવાર દોષિત ઠર્યો છે અને આજીવન કેદની સજા સંભળાવી છે આ સજા સાંભળતા જ અતીક કોર્ટમાં ભાઈ અશરફને ભેટીને રડી પડ્યો.

પ્રયાગરાજમાં ૨૪ ફેબ્રુઆરીના રોજ ધોળે દિવસે રાજૂ પાલ હત્યાકાંડમાં સાક્ષી ઉમેશ પાલની હત્યા કરી દેવાઈ હતી. ઉમેશ પાલ ત્યારે પોતાના ઘરે જઈ રહ્યા હતા. ગલીની બહાર કારમાંથી નીકળતી વખતે તેમના પર શુટરોએ ફાયરિંગ કર્યું હતું. આ દરમિયાન બોમ્બ પણ ફેંકવામાં આવ્યા હતા. આ હુમલામાં ઉમેશ પાલ અને તેમના બે ગનર્સના મોત થયા હતા. ઉમેશ પાલની પત્નીએ આ મામલે અતીક અહમદ, તેના ભાઈ અશરફ સહિત ૯ લોકો પર કેસ દાખલ કર્યો છે. પોલીસ આ મામલે અસદ સહિત ૫ શુટર્સની શોધમાં છે.

પ્રયાગરાજની એમપી-એમએલએ કોર્ટે આ કેસમાં ૧૮ માર્ચના રોજ સુનાવણી પૂરી કરી અને ચુકાદો અનામત રાખ્યો હતો. જજ ડીસી શુક્લાએ ૨૩ માર્ચના રોજ અતીકને હાજર કરવા માટે આદેશ બહાર પાડ્યો હતો.

ઉત્તરપ્રદેશ પોલીસના સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અતીકને રાતે જેલની સિક્યુરિટી ઝોનમાં રાખવામાં આવ્યો હતો એટલે કે ત્યાં ખાસ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તેની બેરેકની બહાર કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. જેના ફૂટેજ એક વોલ ઉપર પોલીસ કંટ્રોલ રૂમમાં જોવામાં આવી રહ્યા હતા. જેલની અંદર તે શું કરી રહ્યો છે અથવા તેની હલચલ પર નજર રાખવા માટે રાઉન્ડ ધ ક્લોક સુરક્ષાકર્મીઓ તેની સેલની બહાર તહેનાત કરવામાં આવ્યા હતા.આ પહેલા અતિકને ગુજરાતની સાબરમતી જેલમાંથી કડક સુરક્ષા વચ્ચે પ્રયાગરાજ લાવવામાં આવ્યો હતો. અતીકને નૈની જેલમાં હાઈ સિક્યુરિટી અને સીસીટીવી મોનીટરીંગ વચ્ચે જેલમાં રાખવામાં આવ્યો હતો. સાંજે જેલમાં અતીક અને તેના ભાઈને રાખવામાં આવ્યો હતો.

## ૧ એપ્રિલથી સામાન્ય લોકોને મોંઘવારીનો ઝટકો લાગશે, ૯૦૦ દવાઓના ભાવ વધી શકે છે

નવીદિલ્હી,

મોંઘવારીના મારનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ૧ એપ્રિલે વધુ એક આંચકો લાગવા જઈ રહ્યો છે અને હવે લોકોને આવશ્યક દવાઓ માટે વધુ પૈસા ખર્ચવા પડી શકે છે. ૧ એપ્રિલથી, પેઈનકિલર્સ અને એન્ટિબાયોટિક્સ સહિત ઘણી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવા જઈ રહ્યો છે સરકાર વાર્ષિક જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં ફેરફારને અનુરૂપ ફાર્માસ્યુટિકલ કંપનીઓને વધારાની મંજૂરી આપવા માટે તૈયાર છે.



મોંઘવારી સામે ઝઝૂમી રહેલા સામાન્ય લોકો માટે આ એક મોટો ફટકો છે, કારણ કે દવાના ભાવ નિયમનકાર નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા સૂચિત વાર્ષિક જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં વાર્ષિક ફેરફારથી ભાવમાં ૧૨.૧૨નો વધારો થશે. ૨૦૨૨ ના આધારે ૧૨ % વધારી શકાય છે. તમને જણાવી દઈએ કે વધતી મોંઘવારીને જોતા ફાર્મા કંપનીઓ દવાઓની કિંમત વધારવાની માંગ કરી રહી છે.

અહેવાલ મુજબ, પેઈનકિલર, એન્ટી ઈન્ફેકટીવ, એન્ટીબાયોટીક્સ અને હૃદયની દવાઓ સહિત લગભગ ૯૦૦ દવાઓની કિંમતમાં ૧૨%થી વધુનો વધારો થઈ શકે છે. આ સતત બીજું વર્ષ છે જ્યારે નોન-શિડ્યુલ્ડ દવાઓના ભાવમાં અનુમતિપાત્ર વધારા કરતાં વધુ વધારો થયો છે. અનુસૂચિત દવાઓ તે દવાઓ છે, જેની કિંમતો નિયંત્રિત હોય છે. જ્યારે બાકીની દવાઓ નોન-શિડ્યુલ્ડ દવાઓની શ્રેણીમાં આવે છે અને તેની કિંમતોમાં ૧૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે. જો કે, નિયમો અનુસાર, બિન-શિડ્યુલ દવાઓની કિંમતો સરકારની પરવાનગી વિના વધારી શકાતી નથી.

ડ્રગ પ્રાઈસ રેગ્યુલેટર નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીને અગાઉના કેલેન્ડર વર્ષના વાર્ષિક જથ્થાબંધ ભાવ સૂચકાંક મુજબ દર વર્ષે ૧લી એપ્રિલના રોજ અથવા તે પહેલાં સુનિશ્ચિત ફોર્મ્યુલેશનની ટોચમર્યાદા કિંમતમાં સુધારો કરવાની મંજૂરી મળે છે. ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર ૨૦૧૩ની કલમ ૧૬માં આ અંગેનો નિયમ છે. આ આધારે એનપીપીએ દર વર્ષે દવાઓની કિંમતોમાં સુધારો કરે છે અને નવી કિંમતો ૧ એપ્રિલથી લાગુ થાય છે.

## સાવરકર વિવાદ ઉપર રાહુલ ગાંધી-ઉદ્ધવ ઠાકરે મુલાકાત કરી મતભેદો દૂર કરશે

મુંબઈ,

શિવસેના પ્રમુખ અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસના નેતા અને પક્ષના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ટૂંક સમયમાં સાવરકર વિવાદને ઉકેલવા માટે રૂબરૂમાં મળશે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ આ વાત કહી છે. આ સાથે જ શિવસેનાના સાંસદ અને મુખ્ય પ્રવકતા સંજય રાઉતે પણ આ જ મુદ્દે રાહુલ ગાંધીને મળવાની અને મામલાનો ઉકેલ લાવવાની તેમની યોજના જાહેર કરી છે. સત્તાધારી શિવસેના-ભાજપ ગઠબંધને આ અંગે ઉદ્ધવ ઠાકરેને આડે હાથ લીધા છે.

એક દિવસ પહેલા, ઠાકરેએ જાહેરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને વિનાયક દામોદર સાવરકરનું અપમાન કરવાથી દૂર રહેવાની અપીલ કરી હતી.





રાહુલ ગાંધીએ કહ્યું હતું કે હું માફી નહીં માંગું, કારણ કે હું સાવરકર નથી, હું ગાંધી છું. ભાજપ સામેની લડાઈમાં રાહુલ ગાંધીને પોતાનું સંપૂર્ણ સમર્થન જાહેર કરતાં ઠાકરેએ રાહુલ ગાંધીને વિનંતી કરી કે તેઓ આપણા આદર્શ વીર સાવરકરને નિશાન બનાવવાનું ટાળે.

રવિવારે મોડી રાત્રે નાસિકના મુસ્લિમ બહુમતી ધરાવતા માલેગાંવ શહેરમાં એક વિશાળ રેલીને સંબોધતા ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસના નેતાને કહ્યું, "હું જાહેરમાં રાહુલ ગાંધીને અપીલ કરું છું, તમે દેશ માટે લડી રહ્યા છો, ખૂબ સારું કામ કરી રહ્યા છો." પરંતુ સાવરકર અમારા આદર્શ છે. , અમે તેમનો અનાદર સહન નહીં કરીએ."

આ વાતને સમર્થન આપતા સંજય રાઉતે કહ્યું હતું કે વીર સાવરકર અમારી આસ્થાનો વિષય છે અને આવા નિવેદનો અસહ્ય છે, તેમણે ઉમેર્યું હતું કે તેઓ નવી દિલ્હીમાં એક-બે દિવસમાં રાહુલ ગાંધી સાથે વાત કરશે અને આ મામલાને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલશે. અગાઉ, શિવસેનાએ નવેમ્બરમાં 'ભારત જોડો યાત્રા' દરમિયાન સાવરકર પ્રત્યે ગાંધીની ટિપ્પણી પર સખત વાંધો ઉઠાવ્યો હતો.

તે જ સમયે, કોંગ્રેસે મહા વિકાસ અઘાડી સાથેના સંબંધો તોડવાની શક્યતાને નકારી કાઢી હતી. પાર્ટીના મુખ્ય પ્રવક્તા અતુલ લોંધે અને સાંસદ રજની એ. પાટીલે કહ્યું કે સાવરકર મુદ્દે તેમનું વલણ સ્પષ્ટ છે. એ જ રીતે, પટોલેએ જાહેર કર્યું કે સાવરકર મુદ્દે કોંગ્રેસનું સ્ટેન્ડ બધા માટે જાણીતું છે અને સંકલ્પ કર્યો કે પક્ષ કોઈ વૈચારિક સમાધાન કરશે નહીં.

## ભારતની અંતરિક્ષ ક્ષેત્રની આવક ૯૨૯ કરોડથી વધીને રૂ.૨૭૮૦ કરોડ થઈ

નવીદિલ્હી,

વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેની સંસદીય સમિતિએ એક અહેવાલમાં કહ્યું હતું કે અવકાશ વિભાગની આવકમાં એક જ વર્ષમાં માતબર વધારો થયો છે. આવક બે વર્ષમાં ૯૨૯ કરોડ રૂપિયાથી વધીને ૨૭૮૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. જોકે. સરકારે અંતરિક્ષ વિભાગનું બજેટ પણ નોંધપાત્ર રીતે ઘટાડ્યું તે બાબતે સમિતિએ આશ્ચર્ય વ્યકત કર્યું હતું.

વિજ્ઞાન-ટેકનોલોજી અંગેની સંસદીય સમિતિએ અંતરિક્ષ વિભાગ અંગે અહેવાલ આપ્યો હતો, જેમાં કહેવાયું હતું કે આ વિભાગની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં વિભાગની આવક ૯૨૯ કરોડ રૂપિયા જેટલી હતી, જે ૨૦૨૨-૨૩ના વર્ષમાં વધીને ૨૭૮૦ કરોડે પહોંચી ગઈ છે. બે વર્ષમાં અંતરિક્ષ વિભાગે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ગ્રાહકોના ઉપગ્રહો લોંચ કરીને નોંધપાત્ર કમાણી કરી હતી.

બીજી તરફ સંસદીય સમિતિએ અવકાશ વિભાગના બજેટમાં થયેલા ઘટાડા બાબતે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ૧૦,૫૩૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું હતું, અગાઉના વર્ષનું આ બજેટ ૧૩,૭૦૦ કરોડ રૂપિયા હતું. ૨૦૨૩-૨૪ના વર્ષ માટે ૧૨,૫૪૩ કરોડ રૂપિયાના બજેટનો પ્રસ્તાવ છે, જે ગત વર્ષની સરખામણીએ વધારે છે. છતાં તેના આગળના વર્ષની તુલનામાં ઓછું છે. કમાણી કરી રહેલા અંતરિક્ષ વિભાગના બજેટમાં વધારો કરવાની જરૂરિયાત પર સંસદીય સમિતિના સભ્યોએ ભાર મૂક્યો હતો.

## ઈસ્કોનથી સાણંદ સુધી એલિવેટેડ કોરિડોર બનશે : નીતિન ગડકરીએ ટ્વિટ કરીને માહિતી આપી

અમદાવાદ,

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ ટ્વિટ કરી ઈસ્કોનથી સાણંદ સુધી એલિવેટેડ કોરિડોરને મંજૂરીની જાહેરાત કરી હતી. આ માટે ૫૩૦ કરોડ પણ મંજૂર કરાયા છે. ઈસ્કોન બ્રિજથી સાણંદ ચોકડી સુધીના ૪ કિલોમીટરમાં કર્ણાવતી ક્લબ, પ્રહલાદનગર ચારરસ્તા અને વાયએમસીએ નજીકના ચાર રસ્તા પાસે ૩ ફ્લાયઓવર બનાવવામાં આવશે. ગોતાથી થલતેજ જે પ્રકારે એલિવેટેડ કોરિડોર બનાવાયો છે તે જ રીતે અહીં પણ કોરિડોર બનાવાશે. જેમાં કર્ણાવતી જંકશન પર ૮૦૦ મીટર, પ્રહલાદનગરથી વાયએમસીએ ચારરસ્તા સુધી ૧૨૦૦ મીટરનો બ્રિજ બનાવવામાં આવશે. જેથી એકપણ ચારરસ્તા પર ટ્રાફિક સિગ્નલ નડશે નહીં.

ઉલ્લેખનીય છે કે, સરખેજથી ચિલોડા સુધી અગાઉ ૮૦૦ કરોડના ખર્ચે એલિવેટેડ કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં કર્ણાવતી, પ્રહલાદનગર અને વાયએમસીએ જંકશનને બાકાત રાખવામાં આવ્યા હતા. આ સ્થળોએ અગાઉ કોર્પોરેશન બ્રિજ બનાવશે તેવું નક્કી કરાયું હોવાને કારણે બાકાત રખાયા હતા.

ઈસ્કોન બ્રિજથી વાયએમસીએ આવતાં સરેરાશ હાલમાં ૮ મિનિટ જેટલો સમય લાગે છે. બ્રિજ બન્યા પછી અંદાજે ૪ મિનિટ લાગશે તેવું નિષ્ણાતોનું કહેવું છે. એસજી હાઈવે પર હાલ ગાંધીનગર-અમદાવાદ મળીને ૧૦ ઓવર બ્રિજ આવેલા છે. હાલ માત્ર ૩ જંકશન બાકી હતા જ્યાં ટ્રાફિકની ભારે સમસ્યા હતી. હવે અહીં પણ ફ્લાયઓવરને મંજૂરી મળતાં સમસ્યાનો હલ થશે.

## સ્ત્રી-પુરુષની લગ્ન માટે ન્યૂનતમ વય ૨૧ વર્ષ કરવાની અરજી સુપ્રીમે ફગાવી



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે પુરુષે અને મહિલાઓ બન્ને માટે લગ્નની ન્યૂનતમ વય ૨૧ વર્ષ કરવાની અનુરોધ કરતી અરજી પર વિચાર કરવાની માંગ ફગાવી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ, ન્યાયમૂર્તિ પી.એસ. નરસિંહા અને ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલાની પીઠે કહ્યુંહતું કે આ મામલો વિધાનસભાના અધિકારક્ષેત્રમાં આવે છે.

કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે આ કાયદો બનાવવા જેવું કહેવાય, એક જોગવાઈને ખતમ કરવાથી આવી સ્થિતિ પેદા થશે, જ્યાં મહિલાઓ માટે લગ્ન માટે કોઈ ન્યુનતમ વય નહીં હોય.

આ મુદ્દે ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે કહ્યું હતું કે જો અદાલત આ બારામાં વિચાર કરશે તો આ સંસદને ન્યૂનતમ વય નક્કી કરવાનો નિર્દેશ આપવા જેવું થશે. ઉલ્લેખનીય છે કે શાહીદા કુરેશીએ દાખલ કરેલી અરજીમાં મહિલાઓ માટે લગ્ન માટે કાનૂની વય વધારીને ૨૧ વર્ષ ન્યુનતમ કરવાની માંગ કરાઈ હતી.

## આપે ૧૧ ભાષાઓમાં 'મોદી હટાઓ દેશ બચાવો' પોસ્ટર બહાર પાડ્યું, ૩૦ માર્ચ સુધીમાં આખા દેશમાં ચોંટાડી દેશે

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીએ ૧૧ ભાષાઓમાં 'મોદી હટાઓ દેશ બચાવો'નું પોસ્ટર રિલીઝ કર્યુ. આમ આદમી પાર્ટી ૩૦ માર્ચે દેશભરમાં 'મોદી હટાઓ, દેશ બચાવો'ના પોસ્ટર લગાવવા જઈ રહી છે.

દિલ્હીમાં આવા પોસ્ટર લગાવ્યા બાદ દિલ્હી પોલીસે ૧૦૦થી વધુ એફઆઈર દાખલ કરી હતી અને ૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ સૂત્ર હેઠળ, ૨૩ માર્ચે, આમ આદમી પાર્ટીએ જંતર-મંતર પર એક મોટી જાહેર સભા યોજી હતી, જેને અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન દ્વારા સંબોધિત કરવામાં આવી હતી.

આ જાહેર સભામાં પાર્ટીના દિલ્હી રાજ્ય કન્વીનર ગોપાલ રાયે જાહેરાત કરી હતી કે ૩૦ માર્ચે આમ આદમી પાર્ટી દેશભરમાં 'મોદી હટાઓ દેશ બચાવો'ના પોસ્ટર લગાવશે. હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી અને પંજાબી ઉપરાંત, પોસ્ટર ગુજરાતી, તેલુગુ, બંગાળી, ઉડિયા, કન્નડ, મલયાલમ અને મરાઠીમાં પણ રિલીઝ કરવામાં આવ્યું છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

રાવત સલમાનભાઈ મન્નાભાઈ

તરફથી અભીનંદન....

મુ. વિસલંગા,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

રાવત કેનાન ફકરૂદ્દીન

તરફથી અભીનંદન....

મુ. પરમારના ખાખરીયા,
તા. લીમખેડા,
જી. દાહોદ

## ધાર્મિક સ્થળો અંગેના કાયદાને પડકારતી અરજીઓની સુપ્રીમમાં ૫ એપ્રિલે સુનાવણી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ ૧૯૯૧ના ધાર્મિક સ્થળો અંગેના ધારાની કેટલીક જોગવાઈઓની બંધારણીય યોગ્યતાને પડકારતી સંખ્યાબંધ અરજીઓ અંગે ૫ એપ્રિલે સુનાવણી કરશે. આ કાયદા મુજબ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં ધાર્મિક સ્થળો જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં રહેવા દેવા અને તેના પર ફરી કબજો કરવા માટે કાનૂની દાવો કરી શકાતો નથી.

તેનાથી મંદિરમાંથી મસ્જિદમાં ફેરવાયેલા સ્થળો પર હિન્દુઓ દાવો કરી શકતા નથી. આ અંગેની જાહેરહિતની અરજી કરનારા વકીલ અશ્વિની ઉપાધ્યાયે સોમવારે કોર્ટમાં રજૂઆત કરી હતી કે પાંચ એપ્રિલે સુનાવણી નિર્ધારિત છે તેવા મામલાને તે દિવસના બિઝનેસ લિસ્ટમાંથી દૂર કરવામાં ન આવે. આ રજૂઆતની નોંધ લઈને કોર્ટે નોંધ્યું હતું કે આ મામલોને ૫ એપ્રિલની સુનાવણીમાંથી દૂર કરાશે નહીં.

૯ જાન્યુઆરીએ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને પૂજા સ્થાનો (વિશેષ જોગવાઈઓ) ધારા, ૧૯૯૧ ની કેટલીક જોગવાઈઓ વિરુદ્ધની પીઆઈએલ પર તેનો જવાબ દાખલ કરવા તાકીદ કરી હતી અને તેનો જવાબ રજૂ કરવા માટે ફેબ્રુઆરીના અંત સુધીનો સમય આપ્યો હતો. આ કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી સહિત છ અરજીઓ દાખલ થયેલી છે. સુપ્રીમ કોર્ટે તેની ૫ એપ્રિલે સુનાવણી નિર્ધારિત કરી હતી.ગયા વર્ષે ૧૪ નવેમ્બરે સોલિસિટર જનરલ તુષાર મહેતા કેન્દ્ર તરફથી હાજર રહીને જણાવ્યું હતું કે આ મામલાના વિવિધ પાસાઓને આવરી લઈને સરકાર સરકાર એક સર્વગ્રાહી એફિડેવિટ દાખલ કરશે. તેમણે તે માટે થોડો વધુ સમય માંગ્યો હતો. સુનાવણીના છેલ્લા દિવસે ખંડપીઠે જણાવ્યું હતું કે આ રજૂઆતને ધ્યાનમાં રાખીને ૧૨ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ તે પહેલા કાઉન્ટર એફિડેટિવ દાખલ કરવામાં આવે.

સર્વોચ્ચ અદાલત અશ્વિની ઉપાધ્યાય સહિતના લોકોએ દાખલ કરેલી અરજીઓની સુનાવણી કરી રહી છે. અરજદારોએ પૂજા સ્થાનો (વિશેષ જોગવાઈઓ) ધારા, ૧૯૯૧ની કલમ ૨,૩,૪ને રદ કરવાની માગણી કરી છે. આ જોગવાઈઓ મુજબ ધાર્મિક સ્થળો પર ફરી દાવો કરી શકાતો નથી. અરજદારોની દલીલ છે કે આ જોગવાઈઓ કોઈપણ વ્યક્તિ અથવા ધાર્મિક જૂથના પૂજા સ્થળ પર ફરીથી દાવો કરવાના ન્યાયિક ઉપાયના અધિકારને છીનવી લે છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નંબર સાત નવાપુરા વિસ્તારમાં પાયાની સુવિધાથી વંચિત

બાલાસિનોર, મહીસાગર જિલ્લાના બાલાસિનોર નગરપાલિકા વોર્ડ નંબર સાત નવાપુરા વિસ્તાર પાયાની સુવિધાથી વંચિત જોવા મળ્યો છે. નગરપાલિકા વિસ્તારમાં આવેલ નવાપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષોથી રોડ રસ્તા પાણી સહિતની સુવિધાઓ થી વંચિત જોવા મળી રહી છે. આ વિસ્તારમાં છેલ્લા ૩૦ વર્ષથી પરિસ્થિતિ તેની તેજ જોવા મળી રહી છે. નગરપાલિકા દ્વારા વેરો પણ વસૂલ કરવામાં આવે છે પરંતુ જે સુવિધાઓ નો વેરો લેવામાં આવે છે તે સુવિધાઓ પણ આપવામાં નથી આવતી છેલ્લા દસ વર્ષથી પાણીની પાઈપલાઈન પર નગરપાલિકા દ્વારા કરવામાં આવી છે, પરંતુ આજે ૧૦ વર્ષ બાદ પણ નવાપુરા વિસ્તારને પાણીનું ટીંપુ મળ્યું નથી અને નવાપુરા વિસ્તારના લોકોને પાણી માટે દૂર દૂર સુધી રઝળપાટ કરવો પડી રહ્યો છે છેલ્લા ૩૦ વર્ષથી નવાપુરા વિસ્તાર અનેક સુવિધાઓથી વંચિત રહેતા લોકોમાં નગરપાલિકા સામે એક બાજુ રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે બીજી તરફ મુસીબતોનો સામનો પણ કરતા જોવા મળ્યા છે. નવાપુરા વિસ્તારમાં હેડ પંપ પણ છે પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી બંધ હાલતમાં જોવા મળી રહ્યું છે. ત્યારે બોર રિંગ કૂવામાં પણ પાણી ન હોવાના કારણે અંદાજિત બે થી ત્રણ કિલોમીટર દૂર આવેલ એક કૂવામાંથી પાણી લાવવું પડી રહ્યું છે. ત્યારે ઉનાળાની શરૂઆતમાં જ પાણીની આવી પરિસ્થિતિ છે, તો હજુ ઉનાળાની સિઝનમાં લોકોની શું પરિસ્થિતિ થશે તે વિચારવું પણ મુશ્કેલ બન્યું છે.

બાલાસિનોર નગરપાલિકા વોર્ડ નંબર-૭ નવાપુરા વિસ્તારમાં રોડની સુવિધા નથી, પાણીની સુવિધા ત્યારે નગરપાલિકા દ્વારા ગટર લાઈન બનાવવામાં આવી છે તે પણ અધૂરી જોવા મળી રહી છે. જેથી ગટર લાઈન પણ બિનઉપયોગી બની છે. ગટર લાઈનનું કામ પણ હલકી કક્ષાનું કરવામાં આવ્યું છે મોટે પાયે ખાઈકી થઈ હોય તેવું ગામ લોકો જણાવી રહ્યા છે. ચૂંટણી આવે ત્યારે અનેક ઉમેદવારો વોટ માંગવા આવે છે અનેક વાયદાઓ વચનો આપે છે. પાણી માટે મોટા મોટા ટાકા બનાવવા આપીશું પરંતુ જીત્યા બાદ અહીં કોઈપણ ફરકતું નથી અને આપેલ વાયદા વચનો પોકળ સાબિત થયા છે. આમ, છેલ્લા ૩૦ વર્ષથી અનેક મુશ્કેલીઓનો સામનો કરતા લોકો દ્વારા નગરપાલિકાના સત્તાધીશોને લેખિત તેમજ મૌખિક અનેક વાર રજૂઆત કરવામાં આવી છતાં પણ નગરપાલિકાના કર્તાધાર્તા કરતાં જોવા મળી રહ્યા છે. જેથી આ વિસ્તારનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. ત્યારે હવે ક્યારેય આ વિસ્તારને પાયાની સુવિધાઓ મળે છે તે જોવું રહ્યું.

## જિલ્લા કક્ષાના સરકારી પુસ્કાલયનું લુણાવાડા ખાતે જિલ્લા કલેક્ટરના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ



મહિસાગર, લુણાવાડા-મહિસાગર જિલ્લા ખાતે ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના ગ્રંથાલય ખાતા હેઠળનાં સરકારી પુસ્તકાલયનું આજરોજ જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યા વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ લોકાર્પણ કમ પ્રદર્શન કાર્યક્રમમાં દરેક વિષય અને દરેક વર્ગના વાંચવાના માટેના પ્રારંભીક ત્રણ હજાર કરતા વધારે પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સહિત વાંચન રસિકોએ પુસ્તક પ્રદર્શનમાં હર્ષભેર ભાગ લીધો હતો.

ગ્રંથાલયમાં વિવિધ વિષયના ૩૫૬૧ પુસ્તકોથી ગ્રંથાલયની શરૂઆત કરવામાં આવી. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે, બાળકો માટે, સિનિયર સિટીઝન માટે અલગ અલગ પ્રકારના પુસ્તકો રાખવામાં આવ્યા છે.આ ઉપરાંત ૭થી વધુ દૈનિક પત્રો અને ૩પથી વધુ સામાચિકો પણ રોજ વાંચન માટે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.વાંચન માટે અલગથી રીડિંગ રૂમ પણ બનાવવામાં આવેલ છે. જે અન્ય જગ્યા કરતા અલગ હોવાથી વાંચકોને વાંચનમાં કોઈ ખલેલ ન પહોંચે તથા એકાગ્રતા જાળવી શકાય. આ સાથે પાણી, ટોયલેટ તથા અન્ય સામાન્ય જરૂરિયાતો પણ મળી રહે તેની સંપુર્ણ કાળજી રાખવામાં આવી છે.

આજના આ પ્રસંગે ગ્રંથાલય નિયામક ગુજરાત રાજ્ય ગાંધીનગર ડો. પંકજ ગોસ્વામી, રાજ્ય ગ્રંથપાલ જે.કે.ચૌધરી, ગુજરાત પુસ્તકાલય મંડળના ઉપપ્રમુખ હરીભાઈ પટેલ, જિલ્લા ગ્રંથપાલ ભાવનાબેન તથા અન્ય અધિકારી ગણ અને જિલ્લામાંથી બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિર રહ્યા હતાં.

## દાહોદના ગલાલીવાડ પાસેથી બાઈક ઉપર લઈ જવતાં ૨૭ હજારના દારૂ સાથે ખેપીયાને ઝડપ્યો

દાહોદ, દાહોદ ટાઉન બી. ડીવીઝન પોલીસે ગલાલીયાવાડ, દ્રષ્ટિનેત્રાલય પાસેથી ટીવીએસ કંપનીની સફેદ કલરની અપાચી મોટર સાયકલ પર વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલા ખેપીયાને રૂપિયા ૨૭ હજાર ઉપરાંતની કિંમતના ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે પકડી પાડી રૂપિયા ૧૫ હજારની કિંમતની મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૪૨,૩૦૦નો મુદ્દમાલ કબજે લીધાનું જાણવા મળ્યું છે.


દાહોદ ગલાલીયાવાડ, દ્રષ્ટિનેત્રાલય પાસે રહેતો ૨૨ વર્ષીય કિશનભાઈ અશોકભાઈ ઉર્ફે ટારઝનભાઈ સાંસી પોતાની મોટર સાયકલ જીજે-૦૧ એનબી-૫૪૧૧ નંબરની સફેદ કલરની ટીવીએસ મોટર સાયકલ ઉપર પ્લાસ્ટીકના મીણીયા થેલામાં વિદેશી દારૂની બોટલ ભરીને લાવતો હોવાની દાહોદ બી ડીવીઝન પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ગલાલીયાવાડ, દ્રષ્ટિનેત્રાલય પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બાતમીમાનભાઈ અશોકભાઈ ઉર્ફે ટારઝનભાઈ સાંસી પોતાની સફેદ કલરની અપાચી મોટર સાયકલ લઈને આવતાં જ વોચમા ઉભેલ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો અને મોટર સાયકલ પર મૂકેલ પ્લાસ્ટીકના મીણીયા થેલામાંથી પોલીસે રૂા. ૨૭,૩૦૦ની કુલ કિંમતની ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલ નંગ-૧૫૬ પકડી પાડી કબજે લઈ સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવામાં આવેલ રૂા. ૧૫૦૦૦ની કિંમતની મોટર સાયકલલ મળી રૂા. ૪૨,૩૦૦નો મુદ્દામાલ કબજે લઈ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના નઢેલા ગામે વીજ લાઈન ભેગી થતાં તણખાં થી આગ લાગતાં ચાર ઘરોનો સામાન બળીને ખાખ થયો

દાહોદ, દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નઢેલા ગામે એમ.જી.વી.સી.એલ.ની લાઈન ભેગી થઈ જતાં અને શોર્ટ સર્કિટ થતાં નજીકમાં આવેલ ચાર કાચા મકાનોમાં આગ ફાટી નીકળી હતી. ચાર કાચા મકાનોમાં આગ લાગતાં ઘરનો સંપુર્ણ સામાન બળીને રાખ થઈ ગયો હતો. આગમાં અંદાજે લાખ્ખોનું નુકસાન થયું હોવાનું જાણવા મળે છે.

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે ખારાના કુવા ફળિયામાં ગતરોજ પવનનો વંટોળ ફુકાતાં ગામમાંથી પસાર થતી એમ.જી.વી.સી.એલ. ની લાઈનના વાયરો ભેગા થઈ ગયાં હતાં અને અચાનક શોર્ટ સર્કિટ થતાં એમ.જી.વી.સી.એલ. ની લાઈન નજીક આવેલ ચાર કાચા મકાનો જેમાં ભાભોર મનેશભાઈ હિમલાભાઈ, ભાભોર હિમલાભાઈ રૂપલાભાઈ, કાળાભાઈ હિમલાભાઈ તેમજ કનેશભાઈ હિમલાભાઈ કાચા મકાનોમાં જોતજોતમાં આગ ફાટી નીકળી હતી. આગમાં ઘરવખરીનો સામાન, રોકડ રકમ તેમજ દાગીના વિગેરે સંપુર્ણ બળીને રાખ થઈ ગયાં હતાં. આગમાં અંદાજે લાખ્ખોનું નુકસાન થયું છે. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક ફાયર ફાઈટરના લાશ્કરોને કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે દોડી ગયાં હતા. જ્યાં પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો ત્યારે આ સંબંધે ગામન સરપંચ દ્વારા ગામના બળી ગયેલા મકાનોનો સર્વે કરી યોગ્ય સહાય પુરી પાડવાની જરૂરી કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

## બાલાસિનોર પરણીતાને બ્લેક મેઈલ કરીને વેપારીએ દોઢ વર્ષ દુષ્કર્મ ગુજાર્યું



બાલાસીનોર, મહીસાગરના બાલાસિનોરમાં પરણિત મહિલા સાથે દુષ્કર્મ કરવાના અંગે આરોપી સામે બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ૬ માર્ચના રોજ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. અશોક કનૈયાલાલ ચંદનાનીએ તેમની જ સોસાયટીમાં રહેતા પરિવારની વહુને મોબાઈલ ઉપર અવારનવાર સંપર્ક કરી પરિણીતાના ઘરે તેમજ અલગ અલગ શહેરોમાં જઈ દુષ્કર્મ આચર્યુ હોવાનો મામલો સામે આવતા બાલાસિનોર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અંગે બાલાસિનોર પોલીસે આરોપીના ઘરે તેમ જ અન્ય જગ્યાઓએ શોધખોળ કરવા છતાં આરોપી ૨૧ દિવસ બાદ પણ પકડથી દૂર છે. આરોપી અશોક કનૈયાલાલ ચંદનાનીએ મહીસાગર જીલ્લા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જેમાં સરકારી વકીલ એસ.આર.ડામોરની રજૂઆતના પગલે એડિશનલ સેશન્સ જજ જયેન્દ્રકુમાર વ્યાસ દ્વારા જામીન અરજી રદ કરવામાં આવી હતી.

## સંતરામપુર તાલુકામાં ચણાના પાકની ખોટી નોંધણી કર્યાની ગેરરીતિ સામે આવી

સંતરામપુર, સંતરામપુર તાલુકામાં ગુજરાત સરકાર દ્વારા ચણાના પાકને ઓનલાઇન નોંધણી ની સંખ્યામાં વધારો અને વાવેતર ઓછું ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને ગુજરાત સરકાર દ્વારા ટેકાનો સારો ભાવ મળી રહે તેના હેતુથી સરકારે ખરીદી કરવાની જાહેરાત કરી પરંતુ સરકારને આ મોંઘું પડ્યું. કારણકે સંતરામપુર તાલુકામાં ચણાના પાકમાં સૌથી ઓછું ઉતારો અને વાવેતર જોવા મળી આવેલું છે અને તેની સામે ખોટી રીતના ખેડૂતોએ ૫૦૮ રજીસ્ટ્રેશનને નોંધણી કરાવી જ્યારે કડાણામાં ૬૧૩ ખરેખર આ રીતે ખોટી નોંધણી તપાસનો વિષય બન્યો છે. એક બાજુ માવઠું અને બીજી બાજુ સૌથી વધારે ઘાસચારા માટે સુંઢિયું અને ઘઉંનો ઉતારો જોવા મળી આવેલો છે, પરંતુ ચણાનું વાવેતર અને ઉતારો કડાણા અને સંતરામપુર તાલુકામાં ૨૦ ટકા જોવાઇ રહેલો છે. ખેડૂતોના નામ પર રજીસ્ટ્રેશન કરાવીને બજારના વેપારીઓ પાસેથી ચણાની ખરીદી કરીને સરકારને ઊંચા ભાવે આપવા માટેનું નવો કિમી ઉભો કરેલો છે. ગુજરાત સરકાર દ્વારા અન્ન નાગરિક પુરવઠા વિભાગ અને સસ્તાની દુકાનોમાં ગરીબો માટે આપવામાં આવતા ચણા એક ખરેખર આપવામાં આવતા જ નથી. આ બધા ચણા સરકાર મફત મોકલે છે અને માર્કેટમાં ખેડૂતો ઓનલાઇન કરાવીને વેપારીઓને મીલીભગતના કારણે આ ચણા સરકાર ઊંચા ભાવે ખરીદી કરે સૌથી મોટો કારસ્તાન જોવા મળી આવેલું છે. ગત વર્ષે પાટણમાં જે અનાજની ખેતી હતી જ નહીં તેનું જ ઓનલાઇન કરવામાં આવેલું હતું અને મોટાભાગની ગેરરીતિઓ બહાર આવી હતી. તો આ વખતે ટેકાના ભાવે ખરીદીમાં ઉચ્ચ અધિકારી દ્વારા અને ખેતીવાડી અધિકારીઓ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે અને કયા ખેડૂતો પાસેથી કેટલું વાવેતર કરેલો છે અને તેના પોતાના કેટલું ચણા છે. જો તપાસ કરવામાં આવે તો ઓનલાઇન ટેકાના ભાવની ખરીદીની મોટાભાગની ગેરરીતિઓ બહાર આવી શકે તેમ છે.

## અમરનાથ યાત્રાના શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો થશે, પ્રથમ વખત મુસાફરો ઓનલાઈન જ કરાવી શકશે ટિકિટ બુક

શ્રીનગર, આ વખતે જમ્મુ-કાશ્મીર રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન બસો દ્વારા અમરનાથ યાત્રીઓને વધુ સુવિધા આપવા જઈ રહ્યું છે. મુસાફરો હવે મોબાઈલ ફોનથી ટિકિટ બુક કરી શકશે તેમજ તેમની બસ ઓનલાઈન ટ્રેક કરી શકશે. આ માટે, જેકેઆરટીસી એપ્રિલના અંત સુધીમાં ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમના પ્રથમ તબક્કાને સંપૂર્ણ રીતે અમલમાં મુકવા જઈ રહી છે. જેકેઆરટીસી સંબંધિત તમામ પ્રકારની માહિતી ઓનલાઈન ઉપલબ્ધ થશે.

આ માટે જેકેઆરટીસી પાંચ તબક્કામાં લાગુ કરવામાં આવી રહી છે. પ્રથમ તબક્કામાં બસોની ટિકિટ બુકિંગ ઓનલાઈન કરવામાં આવી છે. જો કે, આમાં કેટલીક મુશ્કેલીઓ છે. હાલ બસ પાસ, ટિકિટ રિફંડ જેવી સમસ્યાઓ છે, જેને એપ્રિલ સુધીમાં ઉકેલી લેવાનો દાવો કરવામાં આવી રહ્યો છે જેથી મુસાફરોને અમરનાથ યાત્રા દરમિયાન સારી સુવિધા મળી શકે આઈટીએમએસના અસરકારક અમલીકરણ સાથે, અમરનાથ યાત્રીઓને સામાન્ય યાત્રીઓની સાથે સુવિધા આપવામાં આવશે.

બસની ટિકિટ લેવા માટે તેમને કતારોમાં ઊભા રહેવું પડશે નહીં. મોબાઈલ એપ અને વેબસાઈટ દ્વારા ટિકિટ બુક કરાવી શકશે. પ્રથમ તબક્કામાં આઈટીએમએસ સંપૂર્ણ રીતે લાગુ થયા પછી, બીજા તબક્કામાં ઈંધણ, ત્રીજા તબક્કામાં જાળવણી વ્યવસ્થાપન, ચોથા તબક્કામાં ઈન્વેન્ટરી અને પછી ઈન્સ્ટોલેશન મેનેજમેન્ટ પર કામ કરવામાં આવશે.

આનાથી જેકેઆરટીસીની કામગીરીમાં પારદર્શિતા તો આવશે જ, પરંતુ બસોમાં મુસાફરી કરતા મુસાફરોને વધુ સારી સુવિધા પણ મળશે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ નો પ્રથમ તબક્કો એપ્રિલ સુધીમાં સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવશે. તેનાથી મુસાફરોને વધુ સારી સુવિધા મળશે.

## CBIના ગાંધીનગરના અધિકારી સામે ફરિયાદ દાખલ

ગાંધીનગર, સીબીઆઈના ગાંધીનગરના અધિકારી સામે ફરિયાદ દાખલ કરાતા ખળભળાટ મચી ગયો છે. ગાંધીનગર સીબીઆઈના અધિકારી સંદીપ કુમારે ૧૦ લાખ રુપિયાની લાંચ માગી હોવાનો આરોપ લાગ્યો છે અને દીવના કેન્દ્રના અધિકારીને ભ્રષ્ટાચારના કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી જેના પગલે સીબીઆઈ કચેરીને સીલ કરી દેવાઈ છે.મળતી માહિતી મુજબ સીબીઆઈ ગાંધીનગરના અધિકારી સંદીપ કુમારે રૂ.૧૦ લાખની લાંચ માગી હોવાની ફરિયાદ કરવામાં આવી છે. સંદીપ કુમારે દીવમાં કેન્દ્રના અધિકારીને ફસાવવાની ધમકી આપી હતી. સંદીપ કુમારે ભ્રષ્ટાચારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે જેના પગલે ગાંધીનગરના સ્થિત CBI કચેરી સીલ કરી દેવામાં આવી છે. સીબીઆઈએ પુરાવાની તપાસ બાદ પોતાના અધિકારી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદની જાણ થતા CBIના અધિકારી સંદીપ કુમાર ભૂગર્ભમાં ઉતરી ગયા છે. CBIને લાંચ માગનાર સંદીપ કુમારની વાતચીતના પુરાવા સોંપાયા હતા અને ત્યારબાદ સીબીઆઈએ પુરાવાની તપાસ બાદ પોતાના અધિકારી સામે ફરિયાદ નોંધી હતી.

## રાજકોટમાં બેફામ ખનીજ માફિયાઓ પર કસાયો સકંજો, ૩ની અટકાયત, ૭ આરોપી ફરાર

રાજકોટ, રાજકોટમાં બેફામ ખનીજ માફિયાઓ પર સકંજો કસાયો છે. સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડામાં પડધરી પાસે આજી-૩ ડેમમાંથી ખનીજચોરી ઝડપાઈ છે. સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડી ૭ હજાર ૨૦૦ ટન રેતી સીઝ કરી હતી. આ સાથે ૨ હિટાચી મશીન સહિત ૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે લેવાયો છે. મહત્વપૂર્ણ છે કે સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહીમાં ૩ લોકોની અટકાયત કરવામાં આવી છે, જ્યારે ૭ આરોપી ફરાર થઈ ગયા છે.

આ અગાઉ અમરેલીમા ગઈકાલે મોડી રાતે જિલ્લાનું સૌથી મોટું રેતી ચોરીનું રેકેડ પકડાતા ખળભળાટ મચી ગયો હતો. છેલ્લા કેટલાક મહિનાઓથી રાજુલા તાલુકામાં આવેલા ભાક્ષી ગામ નજીક રેતી ચોરી માટે અહીં પાણી ભરેલી નદીમાં ૪ જેટલી બોટ ઉતારવામાં આવી હતી. મોટું હીટાચી મશીન મુકવામા આવ્યુ હતુ, જો કે આ કૌભાંડમાં જિલ્લાના ૧ ઉચ્ચ અધિકારી અને દિગ્ગજ નેતા હોવાની ચર્ચા હતી. જેના કારણે કોઈ અધિકારી ચેકિંગ કરવાની હિંમત નહોતા કરતા તેવી માહિતી મળી હતી.

## લીમખેડાના વડેલા ગામે બોલેરો અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતાં મોત

દાહોદ, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના વડેલા ગામે રાતે બોલેરો ગાડી અને મોટર સાયકલ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ગત તારીખ ૨૭મી માર્ચના રોજ રાતે સાડા સાત વાગ્યાના સુમારે એક ફોર વ્હીલ ગાડીનો ચાલક તેના કબજાની જીજે-૨૦ એ.એચ-૦૩૧૬ નંબરની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી વડેલા ગામે રોડ પર સામેથી આવતી તોયણી ગામના ૨૯ વર્ષીય રણજીતભાઈ ભાથુભાઈ પટેલની જીજે-૨૦ એલ-૮૧૭૧ નંબરની મોટર સાયકલને જોશભેર ટક્કર મારી પોતાની બોલેરો ગાડી લઈ નાસી જતાં મોટર સાયકલ ચાલક રણજીતભાઈ ભાથુભાઈ પટેલને માથામાં તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેને સારવાર માટે ૧૦૮ મારફતે લીમખેડા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું.

આ સંબંધે તોયણી ગામે પટેલ ફળિયામાં રહેતા અર્જુનભાઈ રયલાભાઈ પટેલે નોંધાવેલ ફરિયાદને આધારે લીમખેડા પોલીસે બોલેરો ગાડીના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આજે તમારો આર્થિક પક્ષ મજબૂત થશે અને ધન, આદર, ખ્યાતિ અને પ્રસિદ્ધિમાં વધારો થશે. અટકેલું કામ સાબિત થશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે. પ્રિયજનોને સાંજે મળવાથી મન પ્રસન્ન રહેશે.

વૃષભ : આજનો દિવસ શુભ સાબિત થઈ શકે છે. તમારા હાથમાં કોઈ ચેરિટી કાર્ય થઈ શકે છે. ક્ષેત્રમાં તમારી તરફેણમાં અનુકૂળ પરિવર્તન પણ આવી શકે છે, તમારી પ્રગતિ જોઈને તમારા વિરોધીઓને ઈર્ષ્યા આવશે.

મિથુન : રાજકીય ક્ષેત્રે ખૂબ સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો. અટકેલું કામ પણ પૂર્ણ થશે. ધીમું પાચન અને આંખની સમસ્યાની સંભાવના પણ છે.

કર્ક : પરિવારજનો સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે બપોર સુધીમાં આનંદકારક સુખના સારા સમાચાર મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સાંજે લાંબા સમયથી રાહ જોવાતા મહેમાનના આગમનમાં આનંદ હોઈ શકે છે.

સિંહ : આજે પૈસા સંબંધિત બાબતોમાં સારો ફાયદો કરશે. સંપત્તિની સ્થિતિ પણ મજબૂત થશે. વ્યાપારિક યોજનાઓને વેગ મળશે. રાજ્ય સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

કન્યા : પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ પણ મૂલ્યવાન વસ્તુ કે મિલકત મેળવવાની ઈચ્છા આજે પૂરી થશે. વ્યસ્તતા વધારે રહેશે અને વ્યર્થ ખર્ચ ટાળો. સાંજથી રાત સુધી ઝડપી ચાલતા વાહનોના ઉપયોગથી સાવચેત રહો. પ્રિય અને મહાપુરુષોના દર્શન મનોબળ વધારશે.

તુલા : આજે પત્નીને અચાનક શરીરની પીડાના કારણે ભાગવાની અને વધારે ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. મિલકત ખરીદવા અને વેચતા પહેલા, મિલકતના તમામ કાયદાકીય પાસાઓ વિશે કાળજીપૂર્વક વિચારો.

વૃશ્ચિક : આજે તમે વૃદ્ધ લોકોની સેવા અને સદ્ગુણના કાર્યો પર જરૂરી કરતાં વધુ પૈસા ખર્ચ કરશો. આ તમારા હૃદયને ખુશ કરશે. તમારા વિરોધીઓ આજે ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ તેઓ તમને પરેશાન કરી શકશે નહીં. સાસરિયાઓ સાથે નાણાં સંબંધિત લેવડદેવડ કરતા પહેલા એકવાર વિચાર કરો.

ધનુ : આજે વ્યાવસાયિક ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળવાથી સુખ રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં ફેરફારની યોજના થશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મકર : વિવાહિત જીવન આનંદમય રહેશે. આજે નજીક અને દૂર સકારાત્મક યાત્રા થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિથી ખુશી મળશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી છુટકારો મેળવશે.

કુંભ : આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક આનંદ માણવાના સાધનોમાં વધારો થશે. ગૌણ કર્મચારી કે કોઈ સંબંધીને કારણે ટેન્શન વધી શકે છે. લેવડ-દેવડમાં સાવધાની રાખો, પૈસા અટકી શકે છે.

મીન : આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ સન્માન આપશે. વધુ પડતી દોડધામને કારણે હવામાનની વિપરીત અસર સ્વાસ્થ્ય પર પડી શકે છે, સાવધાન રહો.

## ભાજપની ગુજરાત અને પૂર્વોત્તર જીતથી વિપક્ષો ડરી ગયા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદો સાથે બેઠક કરી, તેમણે સાંસદોને કેન્દ્ર સરકારના સામાજિક સુરક્ષા કાર્યક્રમો વિશે સકારાત્મક માહિતી ફેલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું. તેમણે કહ્યું, ઉત્તરપૂર્વમાં તાજેતરની ચૂંટણીઓમાં ભાજપના પ્રભાવશાળી પ્રદર્શન પછી વિપક્ષો નર્વસ છે.

શાસક અને વિરોધ પક્ષો વચ્ચેના વધતા તણાવ વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સવારે તેમના પક્ષના સભ્યોને કહ્યું કે, તેઓએ કેન્દ્ર સરકારના સામાજિક સુરક્ષા કાર્યક્રમો વિશે સકારાત્મક માહિતી ફેલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કારણ કે, વિપક્ષો ગુજરાત અને પૂર્વોત્તરમાં ભાજપની જીતથી હચમચી ગયા છે. મીટિંગમાં હાજર એક સૂત્રએ જણાવ્યું હતું, “વડાપ્રધાને કહ્યું કે, ઉત્તરપૂર્વમાં તાજેતરની ચૂંટણીઓમાં ભાજપના પ્રભાવશાળી પ્રદર્શન પછી વિપક્ષો નર્વસ છે. ભાજપની ગુજરાતમાં જીત પછી પણ તેમની આવી જ પ્રતિક્રિયા હતી."

"પીએમએ અમને કહ્યું કે, વિપક્ષો આપણા પર વધુ હુમલો કરશે કારણ કે તેઓ ભાજપની વારંવારની જીતથી નારાજ છે. આપણે જેટલું જીતીશું, તેટલો જ આક્રમક હુમલો કરશે. હવે તેઓ ગુજરાત અને પૂર્વોત્તરમાં આપણી જીતથી હચમચી ગયા છે. જ્યારે ભાજપે ત્રિપુરામાં સાદી બહુમતી મેળવી હતી, ત્યારે તેણે નાગાલેન્ડ અને મેઘાલયમાં અનુક્રમે એનડીડીપી અને એનપીપી સાથે ગઠબંધન સરકારો બનાવી હતી.

સૂત્રોએ જણાવ્યું કે, ૧૩ માર્ચે બજેટ સત્ર ફરી શરૂ થયા બાદ પીએમ મોદીએ પહેલીવાર બીજેપી સાંસદોને સંબોધિત કર્યા. બજેટ સત્રમાં અચાનક સ્થગિત અને ઉગ્ર દ્રશ્યો જોવા મળ્યા હતા, જેમાં વિપક્ષોએ રાહુલ ગાંધીની ગેરલાયકાતનો વિરોધ કર્યો હતો અને અદાણીની સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગ કરી હતી.

વડા પ્રધાન રાહુલ ગાંધીને સુરતની અદાલત દ્વારા માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા પછી રાહુલ ગાંધીને ગેરલાયક ઠેરવવા અંગે વિપક્ષ અને શાસક પક્ષ વચ્ચે ચાલી રહેલા તણાવનો ઉલ્લેખ કરી રહ્યા હતા. વિપક્ષે આ મુદ્દે સરકાર સામે મોરચો ખોલી દીધો છે. સંસદના બંને ગૃહો ખોરવાઈ ગયા છે અને બજેટની ઔપચારિકતા સિવાય કોઈ મોટું કામ થયું નથી.

વડાપ્રધાને સાંસદોને કહ્યું હોવાનું માનવામાં આવે છે કે, ‘બેટી બચાવો બેટી પઢાવો’ અભિયાનથી ગુજરાતમાં લિંગ ગુણોત્તરમાં સુધારો કરવામાં મદદ મળી છે અને તેઓએ લોકોને જીતવા માટે સામાજિક સુરક્ષા યોજનાઓના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સૂત્રોએ જણાવ્યું કે, બીજેપી સાંસદોને આવતા મહિને મન કી બાતના ૧૦૦મા એપિસોડ અને ૧૫ મેથી ૧૫ જૂન સુધી નવમી વર્ષગાંઠની ઉજવણી પર ધ્યાન કેન્દ્રિત કરવા કહેવામાં આવ્યું હતું.

વિપક્ષી પાર્ટીઓની એકતા અને અદાણી મુદ્દે વિરોધ પર પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં સીધી રીતે કંઇ કહ્યું નથી. પરંતુ એવું કહેવામાં આવતું હતું કે પૂર્વોત્તરના ત્રણ રાજ્યોની ચૂંટણીમાં વિપક્ષી પાર્ટીઓને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપ ૬ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી સામાજિક ન્યાય સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે. પીએમ નરેન્દ્ર મોદીએ તમામ સાંસદોને આ કાર્યક્રમને સફળ બનાવવાની અપીલ કરી હતી. ભાજપના એક નેતાએ કહ્યું, "પીએમ મોદીએ કહ્યું કે તમે લોકોએ ૬-૧૪ એપ્રિલ દરમિયાન સામાજિક ન્યાય સપ્તાહ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ ઉપરાંત પીએમ મોદીએ મોદી સરકારના ૯ વર્ષ પૂરા થવાના અવસર પર સાંસદોને પણ જનતાની વચ્ચે જવાની અપીલ કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે તમે લોકોએ જનતા પાસે જઈને લોકોને જણાવવું જોઈએ કે સરકારે છેલ્લા ૯ વર્ષમાં શું કામ કર્યું છે અને કઈ યોજનાઓથી લોકોને ફાયદો થયો છે. આ દિવસોમાં ભાજપ દ્વારા ઓબીસી વોટબેંક પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. એટલા માટે પાર્ટીએ ઓબીસી મોરચાને જવાબદારી સોંપી છે, જે યોજનાઓનો પ્રચાર કરશે અને પછાત વર્ગના લોકોને જણાવશે કે તેમને શું લાભ મળ્યો છે.ભાજપની રણનીતિ એ વાત પરથી પણ સમજી શકાય છે કે મોદી સરનેમ કેસમાં રાહુલ ગાંધીને દોષિત ઠેરવવામાં આવ્યા છે તે પણ ઓબીસીના અપમાન સાથે જોડવામાં આવનાર છે. ભાજપ સતત કહી રહ્યું છે કે રાહુલ ગાંધીએ મોદી સરનેમ પર વાંધાજનક ટિપ્પણી કરીને ઓબીસી સમાજનું અપમાન કર્યું છે. પ્રધાનમંત્રીએ સાંસદોને ટેકનોલોજીનો ઉપયોગ કરવા પણ જણાવ્યું હતું. પીએમે કહ્યું કે, જે સાંસદોને ટેકનોલોજી વિશે વધુ જાણકારી નથી તેમણે એક્સપર્ટની મદદ લેવી જોઈએ. બજેટ સત્રના બીજા તબક્કા દરમિયાન આ પ્રકારની આ પહેલી બેઠક હતી, જેમાં પીએમે સાંસદોને સંબોધિત કર્યા હતા.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


### દાહોદ શહેરના પ્રસારણ નગર અને ગારખાયા વિસ્તારમાં

## પાલિકા દ્વારા આપવામાં આવતાં પાણીના સમયે વીજ પુરવઠો ખોરવાતાં સ્થાનીકોમાં ભારે આક્રોશ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પ્રસારણ નગર અને ગારખાયા વિસ્તાર ખાતે વહેલી સવારે આવતું નગરપાલિકાના પાણીના સમયે પાણીના આવવાના સમયેજ વીજ પુરવઠો ખોરવાઈ જતાં અહીંના સ્થાનીક લોકો ભારે હેરાન પરેશાન થઈ રહ્યાં છે. પાણીના આવવાના સમયેજ વીજળી ડુલ થઈ જતાં સ્થાનીક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

દાહોદ શહેરમાં નગરપાલિકા દ્વારા આપવામાં આવતું પીવાના પાણીનો સમયે લગભગ વહેલી સવારેજ છે ત્યારે શહેરના પ્રસારણ નગર અને ગારખાયા વિસ્તારમાં પણ વહેલી સવારના સમયે પાણી પુરવઠો આપવામાં આવે છે આવા સમયે વહેલી સવારના સમયે પાણી ભરવા ઉઠતાં લોકો સમયસર પાણી ભરી લે તેવા ઉદ્દેશ્ય સાથે ઉઠતાં હોય છે અને પાણી આવે ત્યારે પાણી ભરતી વેળાએ અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતો હોય છે. આ સમસ્યા છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. આ વિસ્તારમાં આમેય પાણી પુરવઠો ધીમો આવતો હોવાથી સ્થાનીકોને પાણી ભરવા માટે પાણીની મોટરનો ઉપયોગ કરવો હિતાવહ્ છે તેમાંય ખાસ કરીને પાણી પુરવઠો માત્ર ગણતરીની મીનીટોમાં જ બંધ કરી દેવાની ફરીયાદો ઉઠી રહી છે ત્યારે આવા સમયે છેલ્લા કેટલાંક સમયથી પાણી પુરવઠો ચાલતો હોય ત્યારે અચાનક વીજ પુરવઠો બંધ થઈ જતો હોય છે અને સ્થાનીકો દ્વારા મોટર મારફતે પાણી ભરતા હોય છે ત્યારે આવા સમયે પાણી ભરવાની સમસ્યા વધુ વેઠવી પડે છે. આ વિસ્તારમાં પાણીનો ફોર્સ એટલો ધીમો હોય છે કે, મોટર વગર પાણી ભરી શકાતું નથી. મોટર હોય તોજ પાણી ખેંચાય છે. વહેલી સવારે પાણી આવવાના સમયેજ વીજ પુરવઠો ખોરવાતાં અહીંના લોકો સમયસર પાણી ભરી શકતાં નથી. વીજ પુરવઠો ખોરવાઈ જતાં અહીંના સ્થાનીક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે જેને પગલે સ્થાનીકોમાં એમજીવીસીએલ પર ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે આવીજ રીતે જો એમજીવીસીએલ વીજ પુરવઠો બંધ કરતા રહેશે તો આવનાર દિવસોમાં પ્રસારણ નગર અને ગારખાયા વિસ્તારના લોકો એમજીવીસીએલ કચેરીએ હલ્લાબોલ કરે તે નવાઈ નહીં. સ્થાનીક લોકોને એમ પણ કહેવું છે કે, વીજ પુરવઠો જાણી જોઈને બંધ કરી દેવામાં આવે છે તેવા આક્ષેપો પણ અહીંના સ્થાનીક લોકો કરી રહ્યાં છે. સમગ્ર મામલે જ્યારે પાણી પુરવઠો ચાલતો હોય ત્યારે તેવા સમયે વીજ પુરવઠો બંધ ન કરવામાં આવે તેવી લાગણી અને માંગણી અહીંના સ્થાનીક લોકોમાં ઉઠવા પામી છે.

## ફતેપુરામાં રામનવમી ઉત્સવના આયોજન સભ્યો સાથે PSI દ્વારા મનસ્વી વર્તન કરતાં પ્રાંત અધિકારીને આવેદન

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા નગરમાં આગામી તહેવાર રામ નવમી નિમિત્તે ફતેપુરાના પી.એસ.આઈ. દ્વારા રામ નવમી ઉત્સવ આયોજનની સમિતિમાં રામ નવમી આયોજનના સદસ્યો સાથે પી.એસ.આઈ. દ્વારા અપમાનજક અને મનસ્વી વર્તન કર્યુ હોવાના આક્ષેપો સાથે ફતેપુરાના રામ નવમીમાં આયોજકો દ્વારા આ મામલે ફતેપુરાના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી પી.એસ.આઈ. વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા આવેદનપત્ર આપી આ આવેદનપત્રની નકલ ગુજરાતના ગૃહમંત્રી, દાહોદ જિલ્લા કલેક્ટર, દાહોદ જિલ્લા પોલીસ વડા, દાહોદ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષકને આ આવેદનપત્ર રવાના કર્યુ હોવાનું જાણવા મળે છે.

ફતેપુરા નગરના રામ નવમી ઉત્સવના આયોજકો દ્વારા ફતેપુરાના પ્રાંત અધિકારીને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ફતેપુરા નગરમાં રામ નવમી નિમિત્તે ભગવાન રામજીની આરાધના માટે ભવ્ય આયોજન કરવામાં આવેલ છે, જેમાં નગર સુશોભન પણ એક આયોજન છે. નગર સુશોભન માટે ભગવા રંગની ધજાઓ લગાવેલ છે જેના માટે નગરના સેવાભાવિ ધાર્મિક પ્રવૃતિના લોકો ઉત્સાહ પુર્વક કાર્ય કરી રહ્યાં છે ત્યારે ગતરોજ ફતેપુરાના પી.એસ.આઈ. જી.કે. ભરવાડ દ્વારા રામ નવમી ઉત્સવ આયોજન સમિતિના સદસ્યોને સવારે ફતેપુરા પોલીસ મથકે બોલાવ્યાં હતાં. બે કલાક સુધી સમિતિના સદસ્યોના મનોબળને તોડવાનો પ્રયાસ કર્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે. વધુમાં જણાવ્યાં અનુસાર, આવા આયોજનને લઈને પોતે આયોજન સમિતિના સદસ્યોની સામે એવી કલમો લગાવશે કે તેમને જેલમાં જ રહેવું પડશે તેવી ખોટી ધાક ધમકીઓ પણ આપે છે. ગામના પ્રતિષ્ઠિત આગેવાનો અને વેપારીઓ આ બાબતે રજુઆત કરવા ગયા ત્યારે તેમની સાથે પણ ગાળો બોલીને અપમાનિત કરેલ છે. ધજા લગાવવામાં ઉત્સાહથી કામ કરનાર અનુસુચિત જાતિ સમાજમાંથી આવતાં કાર્યકર્તાઓને અપમાનજનક જાતિવાચક ટિપ્પણીઓ પણ કરેલ છે. પુર્વ ગ્રહ ધરાવતી માનસિકતા સાથે પી.એસ.આઈ. જી. કે. ભરવાડ કામ કરી રહ્યાં ચે અને ઉજવણી કરવા ઈચ્છતા હિન્દુ સમાજના લોકોને ટાર્ગેટ કરે છે અને અપમાનજનક શબ્દોનો વ્યવહાર કરે છે અને ખોટા કેસ કરીને ફસાવી દેવાની જાહેરમાં ધમકીઓ આપે છે. આવા મનસ્વી વ્યવહાર કરનાર અધિકારીના કારણે ગામમાં શાંતિને જોખમાય તેમ છે. રામ નવમી આયોજન નિષ્ફળ બનાવવા માટે પ્રયત્નો કરી રહેલા અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે આવેલ તેવી લાગણી અને માંગણી સાથે સદસ્યો દ્વારા ફતેપુરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે જો કાર્યવાહી કરવામાં નહીં આવે તો રામ નવમીના આગલા દિવસે ગામ બંધ રાખવાનો એલાન પણ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## દાહોદ ખાતે ડેટા એનાલેસીસ સોચ સોફ્ટવેર અને PFMSની તાલીમ યોજાઈ



દાહોદ,

તા.૨૭.૦૩.૨૦૨૩ના રોજ એડિશનલ પ્રોજેક્ટ ડાયરેક્ટર રાજેશ ગોપાલ ની સૂચના અને માર્ગદર્શન હેઠળ DISHA DAPCU દાહોદ ખાતે ડો.આર.ડી પહાડીઆ ડી. ટી. એચ. ઓ. ની અધ્યક્ષતામાં ડેટા એનાલેસીસ, સોચ સોફ્ટવેર અને પી.એફ.એમ.એસ. ની તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

સદર તાલીમમાં પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના કાઉન્સેલરો અને લેબ.ટેકઓ ૧૦૦% હાજરી સાથે સહભાગી બન્યા હતા. તાલીમનાં મુખ્ય ઉદ્દેશ્યને લઈને ડો.આર.ડી પહાડીઆ, ડી.ટી.એચ.ઓ. દ્વારા ડેટાનું મહત્વ. તેના દ્વારા નક્કી થતી સ્ટ્રેટેજી, નક્કી તથા પ્લાનિંગ અને ઈમ્પ્લીમેશન વિશે સમજ આપવામાં આવી. સાથે સાથે બારચાર્ટ, પાઈ ચાર્ટમાં ડેટા બનાવી તાલુકા, જિલ્લાની કામગીરી કેવી રીતે જોવી, ટ્રેન્ડમાં ડેટાને કઈ રીતે જોવું તેની વિસ્તૃત સમજ આપવામાં આવી.

સદર તાલીમમાં CSO રોનક મનસુરી, DAME સતીશ રાજોરા, DA Programme શારદાબેન શર્મા, DA Accountant જીતેન્દ્રભાઈ પંચાલ દ્વારા વિગતવાર જુદા જુદા ઈન્ડીકેટર પર તાલીમ આપવામાં આવી.

## દાહોદ નગરપાલિકાની માસીક સામાન્ય સભાનું નગરપાલિકાના સભાખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નગરપાલિકાના સભાખંડમાં સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યુંહતું. આ સામાન્ય સભામાં તા.૨૦મી માર્ચ ૨૦૨૩ના રોજ મળેલ સામાન્ય સભાની મિનિટસને બહાલી આપવા બાબત. સને ૨૦૨૩-૨૪ના અજમાયસી અંદાજ પત્રને કારોબારી સમિતિ ઠરાવ નં.૭૦ તા.૧૭.૦૩.૨૦૨૩થી કરેલ ભલામણને બહાલી આપવા બાબતે યોગ્ય ઠરાવ કરવા બાબત, વર્ષ ૨૦૨૩-૨૪ જિલ્લા આયોજન મંડળ તરફથી ૧૫ ટકા વિકેન્દ્રીત મળવા પાત્ર ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા બાબતે યોગ્ય ઠરાવ કરવા બાબત, દાહોદ નગરપાલિકાની વિવિધ મીટીંગ, એજન્ડા, ટપાલ બજવણી કરવા, ઓફિસ કામ માટે વર્ગ-૪ના કર્મચારી માટે ઈ-બાઈક ખરીદ કરવા બાબતે યોગ્ય ઠરાવ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દાહોદ નગરપાલિકાના અંદાજપત્રમાં સને ૨૦૨૨-૨૩ના વર્ષના વર્ષની આવક અને ખર્ચની વિગતોના આધારે સને ૨૦૨૩-૨૪ના વર્ષના બજેટમાં રૂ. ૧,૧૨,૬૬,૫૮,૩૦૮ની આવક અંદાજીત થનાર છે જેની સામે દાહોદ નગરપાલિકામાં જુદા જુદા વિભાગોમાં રકમની ફાળવણી કરતાં તેમજ કામોને અગ્રતા આપતા રૂ. ૧,૦૮,૧૭,૫૪,૨૫૦ નો ખર્ચ અંદાજવામાં આવેલ છે. આમ, અંદાજપત્રમાં આવક અને ખર્ચની જોગવાઈઓને ધ્યાને લેતાં રૂ. ૪,૪૯,૦૪,૦૫૮ ની પુરાંત થાય છે.

## દે .બારીઆ તાલુકાની જંબુસર પ્રા. શાળા ખાતે ૭૦માં શાળા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

તા.૨૫/૩/૨૦૨૩ ના રોજ શાળા ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. ત્યારે આ અવસરે શાળાના સ્થાપના દિવસની શાળાના જન્મદિવસ સ્વરૂપે કાર્યક્રમ યોજી રંગે ચંગે શાનદાર રીતે શાળા સ્થાપના દેવાસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શાળામાં રોશની દ્વારા શણગારી યાદગાર બનાવવામાં આવી. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પંચાયત અને કૃષી વિભાગણા રાજયકક્ષાના મંત્રી અને આ મત વિસ્તારના ધારાસભ્ય બચુભાઈ ખાબડ ઉપસ્થિત રહી શાળા દ્વારા સ્વનિર્મિત શીરા કેક કાપી આ ઉજવણીને વધુ યાદગાર બનાવી હતી. આ પ્રસંગે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો. જેમાં બાળકો એ વિવિધ કૃતિઓ રજુ કરી કાર્યક્રમને વધુ જીવંત બનાવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પ્રા. શિક્ષક સંઘના પ્રમુખ બુધાભાઈ પરમાર તેમજ અન્ય હો દ્દેદારો, એચ ટાટ સૂચિત સંઘના પ્રમુખ નરેન્દ્રભાઈ બારીઆ તેમજ ટીમ એચ ટાટ, તાલુકા સદસ્ય નીતાબેન બારીઆ તેમજ વિવિધ પદાધિકારીઓ, બી.આર.સી.કો.ઓર્ડી. ધર્મેશભાઈ પટેલ, સી.આઈ.સી.કો.ઓર્ડી. સર્જનભાઈ રાઠવા, શાળાના અભ્યાસ કરી હાલ સેવારત તેમજ સેવાનિવૃત થયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સરપંચ તેમજ ગ્રામ પંચાયતનયા સભ્યઓ, એસ.એમ.સી.અદયક્ષ તેમજ સભ્યઓ, ગામના વયોવૃદ્ધ તેમજ અગ્રણીઓ, તેમજ ગઢા તેમજ વાંદર ગામના સરપંચઓ, બારીઆ તાલુકા પ્રા.શિક્ષક સંઘના ચેરમેન મથુરભાઈ પટેલ, વાઈસ ચેરમેન પારસિંહભાઈ રાઠવા, વાલીગણ ભાઈઓ તેમજ બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ ઐતિહાસિક દિવસને વધુ યાદગાર બનાવી શાળાને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્ય રમેશભાઈ રાઠવા દ્વારા સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી શાળાની ઝાંખી રજુ કરી હતી.

આ પ્રસંગે મંત્રી બચુભાઈ ખાબડે પોતાના પ્રાસંગિક પ્રવચન માં શાળાની સિદ્ધિઓ અને વિવિધ સ્તરે શાળાએ કરેલ ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ લઈ શિક્ષકોની મહેનત અને જહેમત અને ઉમદા કામગીરીની પ્રશંસા કરી શાળાના મુ. શિક્ષક તેમજ સમગ્ર શાળા પરિવાર ટીમ અને સમસ્ત ગ્રામજનોને અભિનંદન પાઠવી શાળા ઉત્તરોતર પ્રગતિ કરી સફળતાના વધુ સોપાનો સર કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા માં જૂજ શાળાઓમાં શીખવવામાં આવતા લેઝીમ અને ડંબેલ્સના વિવિધ દાવ શાળાની બાલિકાઓ દ્વારા રજુ કરવામાં આવ્યા. જે સમગ્ર કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ત્યારે આ એક્ટિવિટીના માર્ગદર્શક અને કાર્યક્રમના ઉદઘોષક ગણપતભાઈ કોળીને પણ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ટીમ એચ ટાટ દ્વારા શાળાને સ્વામી વિવેકાનંદના ફોટા સ્વરૂપે સ્મૃતિભેટ અર્પણ કરી હતી.

આ પ્રસંગે શાળાના અભ્યાસ કરી હાલ સેવારત તેમજ સેવાનિવૃત અને ઉચ્ચ લાયકાત મેળવી હાલ પોતાની કારકિર્દી બનાવી રહેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શાળા દ્વારા ટ્રોફી અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સરપંચ મહેશભાઈ રાઠવા દ્વારા આભારદર્શન કરી અંતે રાષ્ટ્ર ગીત ગાઈ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

## જિલ્લા પંચાયત દાહોદની ખાસ સામાન્ય સભા નિર્ધારીત સમયે નિર્ધારિત એજેન્ડા મુજબ યોજાઈ

દાહોદ,

જિલ્લા પંચાયત દાહોદની ખાસ સામાન્ય સભામાં તા.૨૭.૩.૨૩ સોમવારના રોજ નિર્ધારિત સમય ૧૩:૦૦ કલાકે શરૂ કરવામાં આવી હતી. જેમાં ધારાસભ્ય તથા ઉપપ્રમુખ તેમજ જિલ્લા પંચાયત સમિતિના અધ્યક્ષઓ અને સદસ્યો તથા અધિકારી કર્મચારીગણ હાજર રહેલ હતા. આ ખાસ બેઠકમાં એજેન્ડા મુજબ ચર્ચા કરવામાં આવી જેમાં ખાસ તો જિલ્લા પંચાયતના સુધારેલ અંદાજો ૨૦૨૨/૨૩ તથા સને ૨૦૨૩/૨૪ ના અંદાજો બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રમુખ જિલ્લા પંચાયત શિતલકુમારી બી. વાઘેલાના અધ્યક્ષપણા હેઠળ આ જિલ્લા પંચાયતનું ત્રીજુ બજેટ કે જેમાં સુધારેલ અંદાજો સને ૨૦૨૨/૨૩ મુજબ કુલ આવક રૂ.૧૮૯૬.૩૦ કરોડ સામે રૂ.૧૫૭૨.૫૮ કરોડ ખર્ચ અંદાજવામાં આવેલ છે. તથા સને ૨૦૨૩/૨૪ના અંદાજપત્ર મુજબ કુલ આવક રૂ.૨૦૫૬.૧૧ કરોડ સામે ૧૬૭૪ કરોડના ખર્ચ દર્શાવતું પુરાંતવાળુ બજેટ રજુ કરેલ છે. તે પૈકી સૌથી વધુ શિક્ષણ, આરોગ્ય, બાંધકામ, આઈસીડીએસ, ખેતીવાડી, સિંચાઈ, સમાજ કલ્યાણ અને વિકાસ તથા પશુપાલન ક્ષેત્રે અંદાજો મુકવામાં આવેલ છે. અને આ વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું. તેમજ મનરેગાનું દાહોદ જિલ્લાનું સને ૨૦૨૩/૨૪નુ લેબર બજેટ જેમાં કૃષિ આધારીત કામો, લાઈન ડિપાર્ટમેન્ટના કામો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો ગણાત્રીમા લીધેલ છે. કુલ મજુરીનો ખર્ચ રૂ.૩૩૯.૫૫ કરોડ અને માલસામાન ખર્ચ રૂ.૧૮૭.૮૫ કરોડ મળી કુલ રૂ.૫૨૭.૪૧ કરોડનો ખર્ચ કુલ ૬૦,૫૧૯ કામો તથા ૧.૪૨ કરોડ ઉત્પન્ન થનાર માનવદિનથી દાહોદ જિલ્લાના વિકાસને વેગ તથા સ્થાનિક કક્ષાએ રોજગારી ઉપલબ્ધ કરાશે જેથી સ્થળાંતરનો પ્રશ્ન મહદ અંશે નિકાલ કરી શકાશે.

પ્રમુખ દ્વારા પ્રમુખ તરીકેના થયેલ અનુભવના સંસ્મરણ તાજા કર્યા અને તમામ જોડે નિખાલસ્તાથી ચર્ચા કરી જેમાં જણાવ્યા મુજબ ૨ વર્ષનો સમયગાળો એકંદરે સંતોષકારક તેમજ ગ્રામજનોની અપેક્ષાઓ પુર્ણ કરવા તેમજ વહિવટી ગુંચ આવેલ હોય તો તે પણ ઉકેલવા હર સંભવ પ્રયાસ કરેલ છે. જે સૌના સાથ સૌના સહકારથી શક્ય બન્યું છે. પ્રમુખ એ જણાવ્યુ કે આપણે સૌ એક બીજાને હળતા મળતા ગમતા અને ઉપયોગી થઈ છેવાડાના માનવી સુધી સરકારની યોજનાનો લાભ પહોંચતો કરાવીએ અને જિલ્લાના વિકાસને વેગ આપીએ તેવી હૃદયથી શુભેચ્છાઓ પાઠવી તેમજ અન્ય ચર્ચાઓ સાથે બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

## તરાવીહ કી નમાઝ

રમઝાન મુબારકે મહિને મેં નમાઝે ઈશાકે બાદ બિસરકાત નમાઝે તરાવીહ પઢહની સહી મહઝહશબમે સુન્નતે મોઅકકેદા હૈ ઔર તમામ અમઈમ્મએ દીન ઈસકે સુન્નત હોને પર મુત્તાક્કિ હૈ રાફઝીયો કે અલાવા કોઈ જમાઅત તરાવીહ કી મુન્કર નહિ હૈ, મોહકકીક અલલ્લાતલાક હઝરત અબ્દુલ હક માસિલ તે મિનસુન્નતતહમે ચંદ કિતાબો મે ફિકહ કે હવાલે સે લિખા હૈ કે અગર કિસી શહર કે લોગ નમાઝે તરાવીહ પઢહના છોડ દે તો વકત કે ઈમામ કે લિયે જરૂરી હૈ કે વોહ લોગો સે જગ કરે ચંદ ફિકરહ કી કિતાબો મે જિક કિયા ગયા હૈ કે અગર એહલે શહર તરાવીહ પઢહના છોડ દે તો ઈમામ (હાકીમ) ઈસ પર ઉસસે જંગ કરે (માસુબિત મિન સુન્નતહ સફા ૧૫૮)

તરાવીહની વીસ રકાતો છે અને એ સ્ત્રી-પુરૂષ સૌના માટે સુન્નતે મોઅકકેદા છે. જેનું છોડી દેવું જોઈન નથી. તરાવીહમાં એકવાર કુર્આન શરીફ ખત્મ કરવું સુન્નતે મોઅકકેદા છે. બેવાર પુરૂ કરવામાં ફજીલત છે અને ત્રણવાર ખત્મ કરવું સર્વોત્તમ છે. તરાવીહ પછી વિત્રની નમાજ જમાઅત સાથે પઢવામાં આવે છે પણ જેને ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી નથી. એ વિત્રની નમાઝ જમાઅત સાથે પઢી શકતો નથી. તરાવીહની વીસ રકાતો દસ સલામથી પઢવામાં આવે છે. આર્થત બે-બે રકાતની નિયતથી પઢવી. (બહવાલા તોહ-ફ-એ રમઝાન શરીફ પાન-૭૭-૭૮)

**તા.૨૯/૦૩/૨૦૨૩ બુધવાર**

**ખત્મે શહેરી ૫-૧૧**

**વકતે ઈફતાર ૬-૫૪**

**નોંધઃ આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પુરતો છે.**

## દાહોદ ખાતે પેથોલોજી બ્લડ ટેસ્ટ કેમ્પ યોજવામાં આવ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પેથોલોજી બ્લડ ટેસ્ટ કેમ્પ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખા અમદાવાદ અને જિલ્લા શાખા દાહોદ તેમજ શેઠ ઈન્દુભાઈ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૨૮ /૩ /૨૦૨૩ ને સવારના ૮ થી ૧૦ દરમિયાન પેથોલોજી બ્લડ ટેસ્ટ કેમ્પ ભગિની સમાજ દાહોદ ખાતે યોજવામાં આવ્યું. જેમાં બ્લડને લગતા, ડાયાબિટીસ, બી-૧૨, હાડકા થાઈરોઈડ અને પ્રોસટેટને લગતા ટેસ્ટ ખૂબ જ નજીવા દરે કેમ્પમાં લાભાર્થીઓના સેમ્પલ લેવામાં આવ્યા. જેનું ટેસ્ટીંગ અતી આધુનિક સાધનો, નિષ્ણાત તબીબો અને ટેકનિકલ સ્ટાફ ધરાવતી રાજ્ય શાખાના પેથોલોજી લેબોરેટરીમાં કરાવવામાં આવશે. જેના રિપોર્ટ બે દિવસ પછી ભગિની સમાજ માંથી મેળવી લેવાના રહેશે. જેમાં ભગિની સમાજના અગ્રણી હેમાબેન શેઠ, શીલાબેન શેઠ, રચનાબેન તેમજ ભગીની સમાજનો સ્ટાફ તેમજ સોસાયટી રાજ્ય શાખા માંથી નિલેશભાઈ ભારતીય પ્રોગ્રામ મેનેજર અને તેની ટીમ, જિલ્લા શાખા દાહોદ માંથી પૂર્વ ચેરમેન કે.એલ.રામચંદાની, ખજાનચી કમલેશ લીમ્બાચીયા, મંત્રી જવાહરભાઈ શાહ, સહમંત્રી શાબિર શેખ, બ્લડ કેમ્પ ઓર્ગેનાઈઝર એન.કે.પરમાર તેમજ રેડક્રોસના સ્ટાફ મેમ્બર ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ૧૫૦ ઉપરાંત લાભાર્થીઓ લાભ લીધો હતો.

## દાહોદ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે લોકસભા ચૂંટણી સંદર્ભે આઈટી સેલ તેમજ વિવિધ સમિતિના પ્રમુખોની વરણી કરાઈ



દાહોદ,

દાહોદ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે લોકસભા ચૂંટણી સંદર્ભે IT સેલના પ્રમુખ મહામંત્રી તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખની નિમણૂંક કરી પત્રો એનાયત કરાયા.

દેશભરમાં આગામી લોકસભા ૨૦૨૪ ની ચૂંટણી યોજાવા જઈ રહી છે. તે અંતર્ગત દરેક રાજકીય પક્ષો પોત પોતાની તૈયારીઓમાં લાગી ચૂકી છે. ત્યારે તેને લઈને કોંગ્રેસ પણ લોકસભાની તૈયારીઓમાં જોતરાઈ ગયું છે. જેમાં તારીખ ૨૭/૩/૨૦૨૩ના રોજ દાહોદની આઈ.ટી.આઈ નજીક આવેલા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેલના પ્રમુખ તરીકે અંકુરભાઈ અરીદમન રોકડિયા અને શૈલેષભાઈ નાગાભાઈ મેડાને મહામંત્રી તરીકે નિયુક્ત કરીને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. જ્યારે તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પાર્સિંગભાઈ ધનાભાઈ બિલવાળની નિમણૂક કરી એનાયત પત્ર આપવામાં આવ્યું હતું. જયારે ગુલાબસિંહ મથુરભાઈ મૈડા અને વિરલભાઈ સુરેશભાઈ નાગોરીને જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરી એના એક પત્રો આપી તેમને ખેસ પહેરાવી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ નીનામા દ્વારા તમામની આજથી નિયુક્તિ કરવામાં આવી હતી.



**પશ્ચિમ રેલવેના રતલામ મંડળમાં સમાવિષ્ટ દાહોદ રેલવે સ્ટેશન પર CMI તેમજ SS એટલે કે સ્ટેશન સુપ્રીટેન્ડેટ દ્વારા મંથલી ઈન્સ્પેકશન યોજવામાં આવ્યું હતું. જેમાં યાત્રીઓની સુખાકારી તેમજ સુવિધાને ધ્યાને લઈ રેલવે તંત્ર દ્વારા વધુને વધુ પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. એમાંય ખાસ કરીને દાહોદ રેલવે સ્ટેશનની વાત કરીએ તો દાહોદ રેલવે સ્ટેશન હવે ટૂંક સમયમાં જંકશનની શ્રેણીમાં સામેલ થવા જઈ રહ્યું છે, તો બીજી તરફ અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત સૌંદર્ય કરણ કરવા માટે પણ કામ ચાલી રહ્યું છે.**

## દાહોદના કઠલા ગામે થયેલ ઝગડામાં જાન માંથી પરત આવતાં બે વ્યકિતને મારમારી ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામના નળ ફળિયામાં કોઈ કારણસર થયેલ ઝઘડામાં જાનમાંથી પરત આવી રહેલા બે જણાને લાકડીઓનો મારમારી તેમજ લાપટ ઝાપટ મારી ઈજા પહોંચાડ્યાનું જાણવા મળ્યું છે.

કઠલા ગામના છાયણ ફળીયામાં રહેતા મગનભાઈ વરસીંગભાઈ ડામોરનો છોકરો કિલરાજ તથા નરેશભાઈ બંને જણા સાંજના પાંચેક વાગ્યાના સુમારે પરત ઘરે આવી રહ્યા હતા. તે વખતે કઠલા ગામના નાળ ફળિયામાંથી પસાર થતી વેળાએ નાળ ફળિયામાં રહેતા રૂકેશભાઈ બચુભાઈ ડામોર તથા વાજુભાઈ ડામોરને રોક્યા હતા અને બેફામ બિભત્સ ગાળો બોલી રૂકેશભાઈ ડામોરે તેના હાથમાંની લાકડી કિલરાજભાઈ મગનભાઈ ડામોરને માથાના પાછળના ભાગે મારી ગંભીર ઈજા કરી તથા વાંસામા મૂઢ મારમારી ઈજાઓ કરી હતી. જ્યારે વાજુભાઈ બુસાભાઈ ડામોરે પણ બેફામ ગાળો બોલી કિલરાજને લાપટ ઝાપટ મારી સામાન્ય ઈજા પહોંચાડી હતી.

આ સંબંધે કઠલા ગામના છાયણ ફળિયાના મગનભાઈ વરસીંગભાઈ ડામોરે નોંધાવેલ ફરિયાદને આધારે કઠલા ગામના નાળ ફળિયાના રૂકેશભાઈ બચુભાઈ ડામોર તથા વાજુભાઈ બુસાભાઈ ડામોર વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.184

# કાલોલ તાલુકામાં ફરજ બજાવતા તત્કાલીન તલાટી કમ મંત્રી અબ્દુલ રજાક હાજી યુસુફ ઈબ્રાહિમ દોલતીની રૂા.૪૧,૭૪,૪૧૪ની અપ્રમાણસર મિલ્કત અંગે ACBએ ગુન્હો નોંધ્યો

ગોધરા,

કાલોલ તાલુકા પંચાયતમાં વર્ગ-૩માં ફરજ બજાવતા તત્કાલીન તલાટી કમ મંત્રી અબ્દુલ રજાક હાજી યુસુફ ઈબ્રાહિમ દોલતી વિરૂદ્ધ એસીબીમાં થયેલ અપ્રમાણસરની મિલ્કત અંગેની તપાસમાં રૂા.૪૧,૭૪,૪૧૪/-ની અપ્રમાણસરની મિલ્કત સામે આવતાં એસીબી દ્વારા ગુનો નોંધવામાં આવ્યો.

કાલોલ તાલુકાના પંચાયત વર્ગ-૩ તલાટી કમ મંત્રી તરીકે અબ્દુલ રજાક હાજી યુસુફ ઈબ્રાહિમ દોલતીની તા.૦૧/૦૪/૨૦૦૬ થી ૩૦/૦૬/૨૦૧૭ સુધીની કાયદેસરની આવક રૂા.૧,૪૧,૭૨,૨૧૨ થતી હોય તેની સામે કુલ ખર્ચ અને રોકાણ ૧,૮૩,૪૬,૬૨૫/- રૂપીયા થયેલ છે. તલાટી કમ મંત્રી તરીકે ભ્રષ્ટરીતો અપનાવી હોદ્દાનો દુરઉપયોગ કરી ગેરકાયદેસર નાણાં ભંગ કર્યાની એસીબીમાં અપ્રમાણસર મિલ્કતની તપાસ માટે અરજી અનુસંધાને એસીબી દ્વારા તપાસ કરવામાં આવી હતી. એસીબીની તપાસ દરમિયાન તલાટી કમ મંત્રી અબ્દુલ રજાક દોલતીની કાયદેસરની આવક કરતાં રૂા.૪૧,૭૪,૪૧૪/-ની સ્થાવર જંગમ મિલ્કતમાં રોકાણ કરી અપ્રમાણસર મિલ્કત વસાવેલ હોવાનું તપાસમાં સામે આવ્યું. તલાટી કમ મંત્રીની કાયદેસરની સરખામણીમાં ૨૯.૫૫ ટકા જેટલી અપ્રમાણસર મિલ્કત તપાસમાં બહાર આવી છે. આ બાબતે પંચમહાલ એસીબી દ્વારા તલાટી કમ મંત્રી અબ્દુલ રજાક હાજી યુસુફ ઈબ્રાહિમ દોલતી વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ (સુધારા ૨૦૧૮)ની કલમ ૧૩(૧)(બી), ૧૩(૨) મુજબ ગુન્હો નોંધાવામાં આવ્યો.

# ગોધરાના ચિખોદ્રા હમીરપુરના ફેબ્રુઆરી ૨૦૧૫ના તત્કાલીન મામલતદાર દ્વારા કરેલ હુકમ બાબતે ઈ-ધરાના કર્મચારીઓએ અલગ-અલગ સર્વે નં.ની નોંધો કરાયાનો પર્દાફાશ

ગોધરા,

ચિખોદ્રાના રે.સ.નં.૧૧૭/૧૪૧ તથા હમીરપુરના સર્વ નં.૩૨ અંગે દૈનિક સમાચાર દ્વારા પસાર કરેલ બાબતે વધુ ચિખોદ્રાની રે.સ.નં.૧૧૬ પૈકી ૨ ૦-૫૨.૨૭ આકાર રૂા.૩.૧૨ તથા સર્વે નં. ૧૪૦ પૈકી ૨ ૦૦૬૭૪ આકાર ૦.૪૬ તથા હમીરપુરના રે.સ.નં.૩૧/ ૨.૮૯.૩૫ આકાર ૮.૪૦ રૂા. વાળી જમીનોનો ગોધરા મામલતદાર એન.કે.મુછારના હુકમ જોતા તથા ઈ-ધરા નોંધ નંબરો જોતા ઈ-ધરા મામલતદારે હુકમ વિરૂદ્ધની નોંધો પાડવામાં આવેલ આમ મામલતદાર તાત્કાલીક હુકમ નં.જમન/ભાડાપટ્ટા/વશી/૨૬૮/૨/૧૫ તા.૧૬/૨/૨૦૧૫ શરતો જોતાં ૧-૨-૩-૪-૫ મુકવામાં આવેલ છે. જે ધાર્મિક જમીનો તથા સરકારી મિલ્કતો ગોધરા મોટાપ્રમાણમાં જમીનો ચિખોદ્રા તથા હમીરપુરમાં ધરાવતા તથા કર્મચારીઓ, અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા મહેબુબ અહેમદ સિંધીને ન જેવા દરે ભાડાપટ્ટા આપી દીધેલ છે. જે ભાડાપટ્ટો પુરો થઈ ગયેલ છે. તેમ છતાં હુકમ અંગેની નોંધ પાડવા આવેલ નથી. પરંતુ ઈ-ધરા જે તે સમયના કર્મચારીઓ, તલાટી, સર્કલ ઓફિસર દ્વારા રે.સ.નં. ૧૧૭-ના હે.આ.પ્ર.૦-૧૧ આકાર રૂ.૩૧ તથા સર્વે નં.૧૪૧ના હે.આ.પ્ર-૦-૧૫-૧૮ આકાર રૂા.૦-૧૫ તથા ૩૨ સર્વે નં. હમીરપુરમાં તા.૧૬/૨/૨૦૧૫ના રોજ હુકમની નકલ તથા કર્મચારી, તલાટી જે તે સમયનાઓએ ગેરરીતિ કરેલ છે અને રામજી મંદિરની જમીનો જેટલી સરકાર કરેલ હોય તો રામજી મંદિરને સોંપે તેવી હિન્દુ સંગઠનની માંગો છે. આમ, સરકારના હુકમ વિરૂદ્ધ કરેલ નોધો રીવિઝન લેવામાં તથા લેન્ડ ગ્રેબિંગ થાય તેવી પણ માંગો છે. આવી ધાર્મિક જમીનો મોટા પ્રમાણમાં ચિખોદ્રાની જમીનો તપાસ થાય તો અનેક કિસ્સા બહાર આવે તેમ છે. આમ, હુકમ નં.જમન/ભાડાપટ્ટા/વશી/૨૬૮/૨/૧૫ તા.૧૬/૦૨/૨૦૧૫માં હુકમમાં મોજે હમીરપુર હુકમમાં મહેબુબ અહેમદ સિંધી સર્વે નં.૩૨ હે.આ.પ્ર.૦-૪૨-૪૯ આકાર રૂા.૦-૦૦ હુકમ કરેલ છે. પરંતુ ચિખોદ્રાના સર્વે નંબરોનો હુકમ અ.નં. ગામનું કોલમ જણાવેલ છે અને ૩૨ સર્વે નં. જમીનનું ભાડું માત્રને માત્ર વાર્ષિક ભાડું ૪૨ રૂા.નો ઉલ્લેખ કરેલ છે. જો હુકમો તથા નોંધોની તમામ કાગળો વિગતવાર નોંધ નં.૨ સહિતની વિગતો માંગવામાં આવે તો એક પછી એક ચિખોદ્રા તથા હમીરપુરની જમીનોમાં રેર્કડી ગેરરીતિ બહાર આવે તેમ છે. આવા તત્વો સામે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તાત્કાલીક યોગ્ય ફરીયાદ દાખલ કરી રામજી મંદિરની હુકમ વિરૂદ્ધ નોંધો પાડેલ બાબતે જરૂરી કાર્યવાહી થાય અને રામજી મંદિરની જમીનો પરત થાય તેવી માંગો ઉઠી છે. અને હમીરપુરની જમીનોમાં આવા તત્વો સામે સરકારના આદેશો અનુસાર લેન્ડ ગ્રેબિંગ થાય તેવી કાર્યવાહી થાય તો તમામ સાચી હકીકતો બહાર આવે તેમ છે.

# પંચમહાલના શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન-શ્રી સ્વામિનારાયણ મંદિરો રાણીપુરા, હરકુંડીમાં વાર્ષિક પાટોત્સવની પરમ ઉલ્લાસભેર ઉજવણી કરાઈ



ગોધરા,

પંચમહાલ જિલ્લાના હાલોલ અને ગોધરાના રાણીપુરા અને હરકુંડી ગામમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત સ્વામિનારાયણ મંદિરો આસ્થા અને શ્રદ્ધાના કેન્દ્રો છે. મંદિર એ સાંસ્કૃતિક સંકુલ છે. મંદિર એટલે ભગવાનને રહેવાનું સ્થાન મંદિર આધ્યાત્મિક, નૈતિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક વગેરે પ્રવૃતિઓનું કેન્દ્ર છે. મંદિરો એટલે માનવસુધારણાનું કેન્દ્ર સ્થાન છે. પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવો ઉપર કેવળ કૃપા કરી સંવત ૧૮૩૭માં પ્રગટ થયા અને મુમુક્ષુ જીવોને પોતાના તરફ આકર્ષ્યા. તેમણે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા અનેક લીલા ચરિત્રો કર્યા અને પોતાની હયાતીમાં લાખો મનુષ્યોને સત્સંગી બનાવ્યા. સત્સંગનો પ્રચાર અને પ્રસાર વધુ થાય તે હેતુસર તથા આત્યંતિક મોક્ષની શરદઋતુ સદાય માટે ચાલતી રહે આવા ઉમદા હેતુથી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે મંદિરોની સ્થાપના કરી. એ જ પ્રમાણે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સાર્વભૌમ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ પંચમહાલનાં મુમુક્ષુ જીવોને વ્યસનમાંથી મુક્ત કરી સુખમય અને શાંતિમય જીવન જીવવા માટેની કેળવણીનું સ્થાન એટલે શ્રી સ્વામિનારાયણ મંદિરોની રચના કરી છે.

એ જ શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય શ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની દિવ્ય નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સદ્ગુરૂ સંતોએ, ભકતો અને ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, રાણીપુરા ૧૨ મો અને શ્રી સ્વામિનારાયણ મંદિર, હરકુંડીનો ૨૩ મો વાર્ષિક પાટોત્સવ પરમ ઉલ્લાસભેર ઉજવ્યો હતો.

આ અવસરે શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગરના મહંત શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, મનુષ્ય જીવનમાં વ્યસનો અધોગતિને પંથે દોરે છે. ભગવાન પ્રત્યે શ્રદ્ધા અને આસ્થા હોય તેને કોઈનો પણ ભય રહેતો નથી. જેણે ભગવાન પ્રત્યે દ્રઢ આશરો કર્યો હોય તે હંમેશા નિર્ભય રહે છે. જેમણે અધ્યાત્મ માર્ગમાં આગળ વધવું છે, વ્યવહારમાં પ્રગતિ કરવી છે તેણે પોતાના જીવનમાં વ્યસનની તિલાંજલિ અને સત્સંગનું સેવન કરવું પણ અનિવાર્ય છે.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી પંચમહાલનાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપુરા, હરકુંડીના વાર્ષિક પાટોત્સવમાં મોટેરા સદ્ગુરૂ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, શ્રી સહજાનંદપ્રસાદદાસજી સ્વામી, શ્રી ગુરૂપ્રિયદાસજી સ્વામી વગેરે પૂજનીય સંતો તથા હરિભક્તોએ ષોડશોપચારથી પાટોત્સવ વિધિ, પૂજન, અર્ચન, અન્નકૂટોત્સવ, આરતી, જીવનપ્રાણ અબજીબાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, સંતવાણી-કથાવાર્તા વગેરેના અદ્યાત્મસભર આયોજનો થયાં હતાં. આ પાટોત્સવમાં દેશ દેશનાં હરિભક્તોએ દર્શન, શ્રવણનો લાભ લીધો હતો.

# કાલોલ તાલુકાના મલાવ ગામે કેનાલ પાસે જુગાર રમતા ૫ જુગારીયા ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના મલાવ ગામે કેનાલ નજીક નીલગરીના ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના મલાવ ગામે કેનાલ નજીક નીલગીરીના ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પૂનમ બુધાભાઈ પરમાર, વાલજી વજાભાઈ સલાટ, કમલેશ શનાભાઈ પટેલ, અરવિંદ ચીમનભાઈ બારીયા, ચંદુભાઈ શંકરભાઈ બારીયાને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ જુગારીયાઓની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૩૧૭૦/- રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે કાલોલ પોલીસ થકે ફરિયાદ નોંધાવા પામી.

## ગોધરા APMC માં અછત સમયમાં
# ઘાસચારા ખરીદીમાં નાણાંકીય ઉચાપત કરવાના કિસ્સામાં કોર્ટ સભ્ય દીઠ ૩,૨૬,૯૫૫ ચુકવવાનો હુકમ થતાં ચકચાર

## નાણાંકીય ઉચાપતમાં ડીરેકટરો પાસેથી નાણાં વસુલવા જીલ્લા રજીસ્ટ્રારને રજુઆત

ગોધરા,

ગોધરા એ.પી.એમ.સી. દ્વારા ૧૯૯૯ થી ૨૦૦૦માં રાજ્ય સરકારે અછત જાહેર કરી હતી. તે સમયે હોદ્દેદારો દ્વારા ઘાસચારાની ખરીદીમાં નાણાંકીય ઉચાપત કરાઈ હોવાના આક્ષેપ થયા હતા. તે મામલો કોર્ટમાં પહોંચતા કોર્ટ દ્વારા ૧૩ વર્ષ બાદ તત્કાલીન સાત જેટલા ડિરેકટરોની વ્યકિતગત નકકી કરી વ્યકિત દીઠ રૂા.૩,૨૬,૯૨૨/- ૬ % વ્યાજ ચુકવવાનો હુકમ કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી. ઘાસચારાના કૌભાંડમાં જવાબદારો પાસેથી નાણાંની વસુલાત માટે જીલ્લા રજીસ્ટ્રારને રજુઆત કરાઈ છે.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૦ માં અછત જાહેર કરી હતી. અછતમાં ઘાસચારો માટે ગોધરા એ.પી.એમ.સી.ને સ્વભંડોળ માંથી ખરીદવાના પરિપત્ર કરાયો હતો. તે સમયના હોદ્દેદારો રાજેન્દ્રસિંહ પટેલ, ખુમાનસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ રાઉલજી સહિતની સાત સભ્યોની બોડીએ ૬૫ લાખના ખર્ચે ઘાસચારાની ખરીદી કરી હોવાનું દર્શાવ્યું હતું. આ ઘાસચારાની ખરીદીમાં તે વખતના હોદ્દેદારો એ ઓછી ખરીદી કરી નાણાંકીય ઉચાપત કરી હોવાના આક્ષેપ સાથે કૌભાંડની તપાસ કરવા ભાજપના ડાયરેક્ટર દ્વારા સરકારમાં રજુઆત કરવામાં આવી હતી. જેની સરકાર દ્વારા તપાસ કરાવી ઘાસચારા ખરીદીમાં હોદ્દેદારોએ નાણાંકીય ઉચાપત કરી હોવાનું પુરવાર થઈ હતી. જેને લઈ હોદ્દેદારોની બોડીને દરખાસ્ત કરાઈ હતી. ૬૫ લાખના ઘાસચારાની ખરીદી નહિ કરી સમગ્ર મામલે ઉચાપત કરાઈ હોવાનું જણાઈ આવતાં નિયામક દ્વારા તત્કાલીન એ.પી.એમ.સી. હોદ્દેદારો જવાબદારી નકકી કરી હતી. જેને લઈ ડીરેકટરો દ્વારા નિયામકના હુકમને કોર્ટમાં પડકાર્યો હતો. જેમાં કોર્ટ દ્વારા ૧૩ વર્ષ જેટલા લાંબા સાત હોદ્દેદારો ડિરેક્ટરોની વ્યકિતગત જવાબદારી નકકી કરી હોદ્દેદારો દીઠ ૩,૨૬,૯૨૨/-રૂપીયા ૬ % વ્યાજે ચુકવવાનો હુકમ કરતાં ચકચાર મચી જવા પામી છે. એ.પી.એમ.સી.ની ચુંટણી આવી રહી છે. ત્યારે ઘાસચારા કૌભાંડમાં જવાબદાર સભ્યો પાસેથી વસુલાત કરવા જીલ્લા રજીસ્ટ્રારને લેખિત રજુઆત.

# હાલોલમાં રામનવમીની ઉજવણી માટે તડામાર તૈયારીઓ




હાલોલ,

મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામના પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી માટે હાલોલ ખાતે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ મહોત્સવને શોભાવવા માટે શ્રી રામ નવમી ઉત્સવ સમિતિ, રામભક્તો અને હિન્દુ સમાજ દ્વારા સમગ્ર નગરને ભગવારંગની દવજા ઓથી શણગારવામાં આવ્યો છે, તો હાલોલ નગરના રાજમાર્ગો પર રંગબેરંગી સિરીઝોની લાઈટિંગ થી શણગારવામાં આવ્યા છે. આ પવિત્ર દિવસે તાલુકાના નાગરિકો રામભક્તો રાજકીય આગેવાનો તથા સાધુ સંતોની ઉપસ્થિતિમાં ભવ્યાતી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ગોધરા રોડ સ્થિત વીએમ સ્કૂલથી ઉપરોક્ત શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે. શ્રી રામચંદ્રજીનું પુરા કદનું ચિત્રજી સ્થાપન કરી પૂજા અર્ચના વિધિ અને આરતી બાદ જય શ્રી રામના ગગન ભેગી નારાઓ સાથે રામજીની સવારીનો વાજા બેન્ડ ઢોલ નગારાના તેમજ ડીજે ના તાલે નગરચર્યા કરાવવામાં આવશે. રામજીની સવારીનું વિવિધ સ્થળોએ ફૂલ અક્ષત અને ફૂલહારથી સ્વાગત કરવામાં આવશે. જ્યારે રાત્રે ૯ કલાકે શોભાયાત્રા રામેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચશે જ્યાં મહા આરતી કરવામાં આવશે અને ત્યારબાદ શોભાયાત્રાનું સમાપન કરાશે.

# દાહોદ જિલ્લામાં આઉટસોર્સ એજન્સી દ્વારા કરાર આધારિત નિમણુંક કરવામાં આવતા શિક્ષિત બેરોજગારોના થતા શોષણનો અહેવાલ જી.પં.માં રજુ કરવા પ્રમુખની ડીડીઓને તાકીદ



દાહોદ,

જિલ્લા પંચાયત દાહોદમાં આઉટ સોર્સ એજન્સી દ્વારા આઉટ સોર્સ નિમણુંક કરારીય માટે ગરીબ શિક્ષિત બેરોજગારો પાસેથી માતબર રકમ ઉઘરાવી કરાતા શોષણ તેમજ અન્ય બાબતો અંગેની તપાસ કરવા તથા તેનો સ્પષ્ટ અહેવાલ સામાન્ય સભા શરૂ થાય તે પહેલા બિનચુક રજુ કરવા જિલ્લા વિકાસ અધિકારી જિલ્લામાં પંચાયત કચેરી દાહોદને દાહોદ જીલ્લા પંચાયત પ્રમુખે લેખિતમાં જણાવી તેની એક એક નકલ રાજ્યના આદિજાતિ વિકાસ, પ્રાથમિક માધ્યમિક અને પ્રાઉડ શિક્ષણમંત્રી દાહોદના પ્રભારી મંત્રી કુબેરભાઈ એમ ડીંડોર, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના અધિક મુખ્ય સચિવ તથા વિકાસ કમિશ્નર ગાંધીનગરને જાણ કરવા તેમજ ઘટિત થવા સારૂ મોકલી આપતા જિલ્લા પંચાયત લોબીમાં ચકચાર મચી જવા પામી છે. દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલ કુમારી બી વાઘેલા એ દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને લખેલ પત્રમાં જણાવાયું છે કે, પાછલા ચાર વર્ષથી આરોગ્યક્ષેત્રે આઉટસોર્સ મેન પાવર એજન્સી તરીકે એમ જે સોલંકી નાકરાણી દ્વારા આરોગ્ય ક્ષેત્રે વિવિધ સંવર્ગના કર્મચારીની આઉટસોર્સથી નિમણુંક કરવામાં આવે છે. જેમાં સદરહું એજન્સી દ્વારા આઉટ સોર્સ નિમણુંક કરારીય માટે ગરીબ શિક્ષિત બેરોજગાર પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ ઉપરની રકમ મેળવી ત્યાર બાદ નિમણુંક આપે છે. જે આ જિલ્લામાં ગરીબ શિક્ષિત વર્ગનું શોષણ કરી ધવલભાઈ ધોધે અને મેહુલભાઈ વાળંદ દ્વારા ઉઘરાવેલ આ રૂપિયા પોતાના અને મળતીયાઓના લાભ કરતા આવે છે તેવી ગંભીર રજુઆત અમારી સમક્ષ દરેક કક્ષાએથી આવી છે. સદરહું એજન્સીએ પાછલા ચાર વર્ષથી આઉટસોર્સ કર્મચારીઓને દિવાળી બોનસ પણ ચુકવેલ ના હોવાનું જાણવા મળ્યું છે. આ અંગેની તપાસ કરવા તથા તેનો સ્પષ્ટ અહેવાલ તારીખ ૨૭.૩.૨૩ સોમવારે ૧૧:૦૦ કલાક સુધીમાં સામાન્ય સભા શરૂ થતા પહેલા બિનચુક રજુ કરવા જણાવવામાં આવ્યું છે. આ અહેવાલ આજે જ સામાન્ય સભા શરૂ થતા પહેલા રજુ કરવાનો હતો. પરંતુ જિલ્લા વિકાસ અધિકારી દાહોદ દ્વારા આ બાબતનો અહેવાલ રજુ કરવામાં આવ્યો છે કે નહી તે હજી જાણવા મળ્યું નથી.

# શહેરાના આસુદરીયા ગામે ખેતર વીજ થાંભલા ઉપર ખેતરમાં વીજ કરંટ મુકતા એક વ્યકિતના મોતના ગુન્હામાં આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

શહેરા,

શહેરા તાલુકાના આસુદરીયા ગામના આરોપી ઈસમે ખુલ્લા ખેતરમાં પાકને વન્ય પ્રાણીઓ તેમજ ભુંડથી બચાવવા પોતાના ખેતરમાં ઈલેકટ્રીક થાંભલા ઉપર વીજ પ્રવાહના વાયરો સાથે વીજ વાયરો જોડી ખેતરની ફરતે ફેન્સીંગના તારમાં કરંટ મુકેલ હોય જેને લઈ ૩૮ વર્ષીય વ્યકિતના મોત થવાના કેસ જીલ્લાના પાંચમા એડી સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના આસુદરીયા ગામે રહેતા આરોપી પુનાભાઈ કાળુભાઈ મછાર એ પોતાના ખેતરમાં પાકને વન્ય પ્રાણી અને ભુંડથી બચાવવા માટે ખેતર માંથી ઈલેકટ્રીક થાંભલા ઉપર ચાલુ વીજ પ્રવાહના વાયરો સાથે વીજ વાયરોનું જોડાણ કરી વીજ કરંટ મુકેલ હતો. વીજ કરંટ બાબતે કોઈને ખબર ન પડે તેમ હોય સેન્ટીંગના તારમાં વીજ કરંટ ખેતરની ફરતે મુકેલ હતો. આરોપીની બેદરકારી પૂર્વકના કૃત્યથી મગનભાઈ હમીરભાઈ ઉ.વ.૩૮ને અજાણયતા વીજ કરંટ લાગતા મોત નિપજાવેલ હોય આ કેસ શહેરા પોલીસ મથકે નોંધાયેલ જે કેસ પંચમહાલ જીલ્લા પાંચમાં એડી સેશન્સ જજ એચ.વી.મહેતાની કોર્ટમાં ચાલી જતાં ફરિયાદ પક્ષની સરકારી વકીલ એમ.કે.દેશમુખની દલીલોને ગ્રાહ્ય રાખી નામદાર કોર્ટ દ્વારા આરોપીને ઈ.પી.કો કલમ-૩૦૪ મુજબ ૧૦ વર્ષની સખત કેદની સજા તથા ૧૦,૦૦૦/-રૂપીયાના દંડનો ઐતિહાસીક ચુકાદો આપવામાં આવ્યો જેને લઈ ખુલ્લા ખેતરોમાં વીજ લાઈન સાથે ચેડા કરતાં જીવતા વાયરો લટકાવતા ઈસમોમાં ભયનો માહોલ ઉભો થયો છે.

# કોમર્સ કોલેજ ગોધરાના NSS દ્વારા મેરેથોન યોજાઈ




ગોધરા,

સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ એકમ દ્વારા હાલમાં વાર્ષિક શિબિર ચાલી રહી છે. તે અંતર્ગત સરકારના આદેશ અનુસાર G-20 અંતર્ગત મેરેથોન યોજવાના આદેશ અનુસાર આજરોજ સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના G-20 કાર્યક્રમના કોલેજના ઈન્ચાર્જ પ્રોફેસર ડો.સ્નેહાબેન વ્યાસની અદયક્ષતામાં એક મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એનએસએસના મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.અરૂણસિંહ સોલંકી, Prof અજીતસિંહ ચૌહાણ, ડો. વીણાબેન પટેલ તથા બી.એડ, કોલેજના પ્રાધ્યાપક ડો. જાગૃતીબેન અને બી.એડ કોલેજના તાલીમાર્થી ભાઈ-બહેનોએ કર્યુ હતું.

# ગોધરાના બામરોલી લક્ષ્મીનગર સોસાયટીના સાઈડ ઉપરથી ૬૦ સેન્ટીંગ પ્લેટોની ચોરી

ગોધરા,

ગોધરા તાલુકાના બામરોલી લક્ષ્મીનગર સોસાયટીની કન્સ્ટ્રકશન સાઈડ ઉપરથી સેન્ટીંગની ૬૦ પ્લેટો કિંમત ૩૫,૦૦૦/-રૂપીયાની ચોરી કરી જતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના બામરોલી લક્ષ્મીનગર સોસાયટીમાં ગોવિંદભાઈ પાલાભાઈ મેઘવાલની કન્સ્ટ્રકશન સાઈડ ચાલતી હોય આ સાઈડ ઉપરથી કોઈ ચોર ઈસમોએ સેન્ટીંગની નાની મોટી પ્લેટો નંગ-૬૦ કિંમત ૩૫,૦૦૦/-રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.